CMYK CMYK

RNI NO. 46434/87,
ઓફિસઃ શ્રી નૂતન સૌરાષ્ટ્ર દૈનિક, ભકિતનગર રેલ્વે સ્ટેશન સર્કલ, મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય પાસે, ટાગોર રોડ, રાજકોટ.
Email: nutanpress@yahoo.com, snssamachar.com

# શ્રી નૂતન સૌરાષ્ટ્ર

SINCE 1948 SHRI NUTAN SAURASHTRA

તંત્રી વિભાગ
૦૨૮૧-૨૪૬૬૭૭૨
૯૮૯૮૦૯૩૯૩૫
જાહેર ખબર વિભાગ
૯૮૯૮૨૦૩૫૩૬
ઓફિસ/વોટ્સએપ
૯૪૦૮૯૯૧૪૪૯

તંત્રી : વિક્રમ હસમુખરાય રાવલ, પુસ્તક-૧૧૦, અંકઃ ૧૩૩, વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ (૧૨), રવિવાર તા.૨૬-૦૧-૨૦૨૫, પાના- ૮, કિંમત રૂા.૧-૫૦ પૈસા

# સ્વતંત્રતાની લડાઈમાં ભારતે અમને મદદ કરી હતીઃ ઈન્ડોનેશિયા

## પ્રજાસત્તાક પર્વની ઉજવણીના મુખ્ય મહેમાન બનેલા મુસ્લિમ રાષ્ટ્ર-ઈન્ડોનેશિયાના પ્રમુખે ભારતની ભારોભાર પ્રશંસા કરી

નવીદિલ્હી,તા.૨૫

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો ગણતંત્ર દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપવા માટે ભારત પહોંચ્યા છે. તેઓ ગુરુવારે રાત્રે નવી દિલ્હી પહોંચ્યા. જ્યાં તેમનું એરપોર્ટ પર વિદેશ રાજ્યમંત્રી પવિત્રા માર્ગેરિતાએ સ્વાગત કર્યું. પ્રબોવો સુબિયાન્ટો ઈન્ડોનેશિયાના ચોથા રાષ્ટ્રપતિ છે જેઓ પ્રજાસત્તાક દિવસ પર મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. તેમણે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા. પીએમ મોદી અને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોની હાજરીમાં દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે એમઓયુનું વિનિમય થયું.

કાર્યક્રમને સંબોધતા, પીએમ મોદીએ ઈન્ડોનેશિયાના





રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું, "ભારતના પ્રથમ પ્રજાસત્તાક દિવસ પર ઈન્ડોનેશિયા મુખ્ય મહેમાન દેશ હતો અને આપણા માટે ગર્વની વાત છે કે ભારતના ૭૫મા પ્રજાસત્તાક દિવસ પર, ઈન્ડોનેશિયા ફરી એકવાર આ ઐતિહાસિક ક્ષણનો ભાગ બન્યું છે. મને રાષ્ટ્રપતિ પ્રબોવોનું સ્વાગત કરતાં આનંદ થાય છે." ભારત." હું સુબિયાન્ટોનું સ્વાગત કરું છું."

તેમણે વધુમાં કહ્યું, "૨૦૧૮ માં મારી ઈન્ડોનેશિયા મુલાકાત દરમિયાન, અમે અમારી ભાગીદારીને એક વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારી દીધી હતી. આજે, રાષ્ટ્રપતિ પ્રબોવો સાથે પરસ્પર સહયોગના વિવિધ પાસાઓ પર વ્યાપક ચર્ચા થઈ. અમે સંરક્ષણ ક્ષેત્રમાં સહયોગને આગળ વધારવા માટે પગલાં લીધાં છે. "અમે ઉત્પાદન અને પુરવઠામાં સાથે મળીને કામ કરવાનું નક્કી કર્યું છે. અમે દરિયાઈ સુરક્ષા, સાયબર સુરક્ષા, આતંકવાદ વિરોધી અને કટ્ટરપંથીકરણમાં સહયોગ પર પણ ભાર મૂક્યો."

પીએમ મોદીએ વધુમાં કહ્યું, "દરિયાઈ સલામતી અને સુરક્ષાના ક્ષેત્રમાં આજે થયેલા કરારથી ગુના નિવારણ, શોધ અને બચાવ અને ક્ષમતા નિર્માણમાં આપણો સહયોગ વધુ મજબૂત બનશે. છેલ્લા કેટલાક વર્ષોમાં આપણો દ્વિપક્ષીય વેપાર ઝડપથી વધ્યો છે. ગયા વર્ષે તે ૩૦ બિલિયન ડોલરને વટાવી ગયું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિયાંતોએ નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન બંનેદેશના નેતાઓએ અનેક મહત્ત્તવપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે સરંક્ષણ ક્ષેત્રમાં સહયોગ વધારવા પર સહમતી સધાઈ છે. આ સાથે જ બંને દેશો હવે સંરક્ષણ નિર્માણ અને સપ્લાઈ ચેનમાં સાથે મક્ષીને કામ કરશે. તેમણે દરિયાઈ સુરક્ષા, સાયબર સુરક્ષા, આતંકવાદ વિરોધી પ્રયાસો અને કટ્ટરવાદને રોકવા પર ખાસ ધ્યાન આપવાની વાત કહી છે. આ ઉપરાંત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર સુધારવા અને વેપારી નવી તકો શોધવા પર પણ ચર્ચા થઈ છે. પીએમ મોદીએ ભારતની જાહેર વિતરણ વ્યવસ્થા () અને મધ્યાહન ભોજન યોજનાના સફ્ફ અમલીકરણને શેર કરવા માટે પહેલ કરી છે. આ વાતચીતમાં બંને દેશો વચ્ચે આપત્તિ વ્યવસ્થાપન જૂથોના સંયુક્ત અભ્યાસનું આયોજન કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિયાંતોએ પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનવા બદલ ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે, આ મારા માટે ખૂબ જ સન્માનની વાત છે.

**શ્રી નૂતન સૌરાષ્ટ્ર**

### અંક બંધ

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે શ્રી નૂતન સૌરાષ્ટ્ર તા.૨૬ જાન્યુ.ના રોજ રજા રાખશે, જેથી તા.૨૭ જાન્યુ.નો અંક પ્રસિદ્ધ થશે નહિ જેની સૌએ નોંધ લેવી

-વ્યવસ્થાપક







આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા

રિલાયન્સ
ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
વૃદ્ધિ એ જ જીવન

CMYK CMYK

શ્રી નૂતન સૌરાષ્ટ્ર
SINCE 1948
SHRI NUTAN SAURASHTRA

# જેપીસીમાં વિપક્ષી સભ્યોએ હંગામો મચાવ્યો

વક્ફ સુધારા બિલ પર વિચારણા કરી રહેલી સંયુક્ત સંસદીય સમિતિ ની બેઠકમાં, દસ વિપક્ષી સભ્યોએ એટલો બધો હોબાળો મચાવ્યો કે તેમને આખા દિવસ માટે સસ્પેન્ડ કરવા પડ્યા તે યોગ્ય નથી. સસ્પેન્ડ કરાયેલા સાંસદોમાં તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જીનો પણ સમાવેશ થાય છે.

અગાઉ, તેઓ સમાચારમાં આવ્યા હતા જ્યારે તે જ જેપીસીની એક બેઠકમાં, તેમણે કાચની બોટલ તોડીને અધ્યક્ષ તરફ ફેંકી હતી. આ પ્રયાસમાં તે પોતે પણ ઘાયલ થયો હતો. જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલના જણાવ્યા મુજબ, તેમણે ગઈકાલે તેમની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. મને ખબર નથી કે સત્ય શું છે, પણ એ સ્પષ્ટ છે કે જેપીસીના વિપક્ષી સભ્યો હંગામો કરવામાં વધુ રસ લઈ રહ્યા છે.

જેપીસી લોકસભા કે રાજ્યસભા નથી, પરંતુ એ જોઈને દુઃખ થાય છે કે ત્યાં પણ એ જ બેકાબૂ વર્તન થઈ રહ્યું છે જે આ બંને ગૃહોમાં થઈ રહ્યું છે.જેપીસીના ઘણા વિપક્ષી સભ્યો ઈરાદાપૂર્વક વકફ સુધારા બિલ પર કોઈ અર્થપૂર્ણ ચર્ચા કરવા તૈયાર નથી, જે એ હકીકત દ્વારા પુષ્ટિ મળે છે કે આ સમિતિનો કાર્યકાળ લંબાયા પછી પણ, તેઓ રડતા રહે છે કે તેમને પૂરતો સમય આપવામાં આવી રહ્યો નથી અથવા ચેરમેન ઉતાવળમાં છે.

શું વિપક્ષી સભ્યો આ બહાના એટલા માટે કરી રહ્યા છે કારણ કે તેઓ સારી રીતે જાણે છે કે વર્તમાન વકફ કાયદો લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતો તેમજ બંધારણીય મૂલ્યોની મજાક ઉડાવે છે? તેણે વકફ બોર્ડને મનસ્વી અને દમનકારી સત્તાઓ જ આપી નથી, પરંતુ એવી જોગવાઈઓ પણ કરી છે કે પીડિતોને કોઈ રાહત મળી શકતી નથી.

શું એ વાત કોઈથી છુપાયેલી છે કે વક્ફ બોર્ડ કોઈપણ જમીન પર મનસ્વી રીતે પોતાનો દાવો કરે છે? જો વિપક્ષને લાગે છે કે વર્તમાન વકફ કાયદો સંપૂર્ણપણે ન્યાયી છે, તો શું તેઓ અન્ય ધર્મો માટે પણ આવો જ કાયદો બનાવવાની હિમાયત કરશે? એ જોઈને દુઃખ થાય છે કે જેપીસીની બેઠકોમાં પોતાના વિચારો તાર્કિક રીતે રજૂ કરવા અને અર્થપૂર્ણ સૂચનો કરવાને બદલે, વિપક્ષી સભ્યો પોતાની વોટબેંક મેળવવા, ભ્રમ ફેલાવવા અને એવું વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેમને સાંભળવામાં ન આવે.

આ એક નિરર્થક કવાયત છે કારણ કે જેપીસી સભ્યો પાસે લેખિતમાં પોતાનો અસંમતિ નોંધાવવાની તક પણ છે. વિપક્ષના સભ્યો ભલે ગમે તેટલી અવગણના કરે, પણ હકીકત એ છે કે જેપીસી સમાજના વિવિધ વર્ગના લોકોને બોલાવી રહી છે અને તેમની વાત સાંભળી રહી છે. આ સંદર્ભમાં, ગઈકાલે બે પ્રતિનિધિમંડળો પોતાનો પક્ષ રજૂ કરવા આવ્યા હતા. તેમાંથી એક કાશ્મીરના મીરવાઈઝ ઉમર ફારૂકનો હતો, પરંતુ વિપક્ષી સભ્યોએ બતાવ્યું કે તેઓ હંગામો કરવા માટે વધુ ઉત્સુક હતા.

# ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયના એસીએસ પંકજ જોશી નવા મુખ્ય સચિવ બનશે

ગાંધીનગર,તા. ૨૫:ગુજરાતના મુખ્યમંત્રી કાર્યાલયના એસીએસ પંકજ જોશી નવા મુખ્ય સચિવ બનશે. સામાન્ય વહીવટ વિભાગે તેમની નિમણૂંક અંગેનું સત્તાવાર નોટિફિકેશન બહાર પાડ્યું છે. મુખ્ય સચિવ રાજ કુમાર જાન્યુઆરીના અંતમાં નિવૃત્ત થઈ રહ્યાં છે. ત્યારે પંકજ જોશીની તેઓની બદલી અને બઢતી સાથે ગુજરાત સરકારના મુખ્ય સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. ૧૯૮૯ બેચના ભારતીય વહીવટી સેવા અધિકારી પંકજ જોશીને ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ રાજકુમારનું સ્થાન લેશે, જેઓ ૩૧ જાન્યુઆરીએ નિવૃત્ત થઈ રહ્યા છે. સરકારે આ નિર્ણય રાજકુમારની નિવૃત્તિના એક અઠવાડિયા પહેલા જાહેર કર્યો છે. અધિક ગૃહ સચિવની રેસમાં પંકજ જોશી પહેલેથી જ મોખરે હતા. તો આઈએએસ શ્રીનિવાસ અને એસીએસ એ.કે. રાકેશ પણ રેસમાં હતા. જેમાં પંકજ જોશીની નિમણૂંક કરવામાં આવી છે. સીએમઓમાંથી સીધા જ મુખ્ય સચિવ થયા હોય તેવો આ પહેલો કિસ્સો છે. મુખ્ય સચિવ કોણ બનશે તેની ચર્ચા સીએમ કાર્યાલયમાં લાંબા સમયથી ચાલી રહી હતી. જેમાં પંકજ જોશીની લોટરી લાગી ગઈ છે. આ સિવાય પહેલીવાર એવું બન્યું છે કે વર્તમાન મુખ્ય સચિવ વયનિવૃત્ત થવાના હજી વાર હોય તે પહેલા જ તેમના અનુગામીનું નામ જાહેર કરી દેવાયું છે અને નોટિફિકેશન પણ બહાર પાડી દેવાયું.પંકજ જોશીના કારકિર્દીની વાત કરીએ તો, આઈઆઈટી દિલ્હીમાંથી સિવિલ એન્જિનિયરીંગમાં બીટેક થયા છે. તો વોટર રિસોર્સ એન્જિનિયરીંગમાં એમટેક થયા છે. ડિફેન્સ તથા સ્ટ્રેટેજિક સ્ટડીઝમાં એમફિલ પણ થયા છે. ગુજરાતની વાત કરીએ તો, નાણાં, તથા ગૃહ જેવા મહત્વના કોર વિભાગોમાં કામ કરવાનો તેમનો અનુભવ બહોળો છે. આ ઉપરાંત રાજ્ય સરકારની કંપની નર્મદાવેલી ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલમાં ચેરમેન-ડિરેક્ટરનું પદ સાડા ત્રણ વર્ષથી સંભાળે છે.

# રાજકોટમાં પાર્ટી પ્લોટના પાર્કિંગમાં કારમાં બેઠેલી પરિણીતાના ગળામાંથી સોનાના ચેનની ચીલઝડપ

## કાલાવડ રોડ ખાતે મોટરસાયકલ પર મોઢું બાંધીને આવેલી સમડી રૂ. ૨ લાખની કિંમતની સર ઝુંટવી જતાં તાલુકા પોલીસ સહિતનો કાફલો દોડી ગયો

રાજકોટ તા.૨૫:

શહેરના કાલાવડ રોડ પર પાર્ટી પ્લોટમાંથી સમડી પરિણીતાના ગળામાંથી સોનાની સર ઝુંટવી ફરાર થઇ ગયાનો બનાવ સામે આવ્યો છે. મોટરસાયકલ પર મોઢે રૂમાલ બાંધીને ધસી આવેલી સમડીએ ચીલ ઝડપ કરતા તાલુકા પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મામલામાં મવડીના રાજભાઈ લવજીભાઈ ગોંડલીયા તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું ભાણેજના લગ્નનું કાલાવડ રોડ પર આવેલ સ્વસ્તિક પાર્ટી પ્લોટ ખાતે આયોજન કરેલ હતું. જેથી હું તથા મારી પત્નિ જીયા, બહેન સંગીતા અને દીપુબેન મારી બલેનો કારમાં સાંજના પાંચેક વાગ્યા આસપાસ ગયેલ હતા અને પ્રસંગ્ય પુરો થતા રાત્રે એકાદ વાગ્યા આસપાસ પાર્ટી પ્લોટમાંથી બહાર આવ્યા હતા.

મારી પત્નિ જીયા તેમજ દીકરી રૂહી બંને કારમાં બેઠેલા હતા. ત્યારે હું પરીવારજનોને બોલાવવા ગેટથી અંદરના ભાગે જતો હતો એટલામાં મારી પત્નિ જીયાએ બુમાબુમ કરતા મેં દોડીને બહાર નીકળી જોયેલ તો મારી પત્નિ અમારી કારમાં બેસેલ હતી ત્યાંથી મોટરસાયકલ ચાલક કે જેણે મોઢે રૂમાલ બાંધેલ હતો તે પોતાનું મોટરસાયકલ લઇ ઝડપથી કણકોટ રોડ તરફ નાસી જતો જોવામા આવેલ હતો. જે બાદ પતિએ તાતકાલિક તાલુકા પોલીસને જાણ કરતા મામલામાં અજાણ્યા સમડી વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. હાલ ક્રાઇમ બ્રાન્ચ, એલસીબી અને તાલુકા પોલીસે સીસીટીવી સહીતની મદદથી તસ્કરની સગડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# આંતરરાજ્ય હથિયારના સોદાગરને એમપીથી ઉઠાવી લીધો

## એટીએસના આર્મ્સ એક્ટના ગુનામાં અને રાજકોટમાં હત્યાના ગુનામાં ૧૦ વર્ષથી ફરાર ચીખલીગરની ધરપકડ કરતી ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ તા.૨૫:

આંતરરાજ્ય હથિયારના સોદાગર પ્રીતમસીંગ ભાટિયાને રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે મધ્યપ્રદેશથી ઝડપી લીધો છે. ગુજરાત એટીએસમાં સહીત અલગ અલગ છ પોલીસ મથકમાં નોંધાયેલ આર્મ્સ એક્ટના ગુનામાં તેમજ માલવિયાનગર પોલીસમાં દાખલ થયેલ હત્યાના ગુનામાં છેલ્લા દસ વર્ષથી નાસતા ફરતા ચીખલીગરને પકડી પાડવામાં ક્રાઇમ બ્રાન્ચને સફળતા મળી છે.



રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, સાહેબ અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઇમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, મદદનીશ પોલીસ કમિશ્નર ભરત. બસીયા દ્વારા રાજકોટ શહેરમાં થયેલ ખુન, ખુનની કોશિષ, લુંટ, ઘરફોડ ચોરીઓ તેમજ ચીલઝડપ જેવા ભારે ગુનાઓ દાખલ થયેલા હોય અને તે ગુના અનડીટેકટ ગુન્હાઓ હોય તેમજ તે ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને મુદામાલ સાથે શોધી કાઢવા અંગે સુચના આપવામાં આવી હતી. જે સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોરના સીધા માર્ગદર્શન હેઠળ પીએસઆજ એ.એન.પરમાર અને એમ.કે.મોવલીયાની ટીમના એ.એસ.આઇ. જલદિપસિંહ વાઘેલા, હેડ કોન્સટેબલ સુભાષભાઈ ઘોઘારીને ચોક્કસ સોર્સથી અને ટેકનીકલ રીસોર્સની મદદથી બાતમી મળી હતી.

બાતમી અનુસાર ગુજરાત એટીએસમાં દાખલ થયેલ આર્મ એકટ ગુનામાં ૧૦ હથીયાર સપ્લાઇ કરનાર તેમજ ગુજરાતના અલગ-અલગ જીલ્લામાં હથિયાર સપ્લાઇ કરતો શખ્સ તેમજ રાજકોટ શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૧૫ માં દાખલ થયેલ મર્ડરના ગુનો તેમજ અન્ય જીલ્લાના દાખલ થયેલ ગુન્હાઓમાં આજ દીન સુધી નાસતો ફરતો શખ્સ મધ્યપ્રદેશમાં બડવાની જીલ્લાના સેંધવા શહેર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં હોવાની ચોક્કસ હ્યુમન સોર્સથી તેમજ ટેકનીકલ મદદથી માહીતી મળતા ડી.સી.બી પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ.જલદીપસિંહ વાઘેલા, હેડ કોન્સટેબલ સુભાષભાઈ ઘોઘારી, કોન્સટેબલ ગોપાલભાઇ પાટીલ, તુલસીંભાઈ ચુડાસમાની ટીમ બનાવી મધ્યપ્રદેશ રાજ્યના બડવાણી જીલ્લા ખાતે મોકલી આરોપીને પકડી લેવામાં આવ્યો હતો. ક્રાઇમ બ્રાન્ચની ટીમે પ્રીતમસીંગ નીમસીંગ ભાટીયા(ચીખલીગર) ઉ.વ.૫૪ રહે. તલવાડી ગામ, કુંડલાફળીયા, નાનપુર, અલીરાજપુર, મધ્યપ્રદેશ અને હાલ રહે ઓસવાડા ગામ, તા. પાનસેમલ, બડવાની, મધ્યપ્રદેશવાળાની ધરપકડ કરી હતી.

# પ્રવાસન વિભાગ દ્વારા નળ સરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

અમદાવાદ, તા. ૨૫નળસરોવર જતા મુસાફરો માટે ખાસ સમાચાર સામે આવ્યા છે. જેમાં બે દિવસ માટે નળસરોવર પર જનતા માટે પ્રવેશબંધી કરવામાં આવી છે. રાજ્યમાં આવેલા પક્ષી અભયારણ્ય નળસરોવર ખાતે દર વર્ષે દેશ-પરદેશના પક્ષીઓ આવતા હોય છે. ભારતીય વન્યપ્રાણી સંરક્ષણ કાનૂન (Wild-life Protection Act, 1972) હેઠળ વિશ્વભરમાંથી આવતા પક્ષીઓ અને પ્રાણીઓની સંખ્યા સહિતની માહિતી એકત્ર કરવામાં આવે છે. જેમાં આગામી ૨૫-૨૬ જાન્યુઆરી, ૨૦૨૫એ નળસરોવર ખાતે પક્ષીઓની ગણતરી કરવાની હોવાથી બે દિવસ માટે નળસરોવર પર જનતા માટે પ્રવેશબંધી કરવામાં આવી છે.ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા નળસરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે. ત્યારે નળસરોવર ખાતે પક્ષીઓની ગણતરી અને મોનિટરિંગની કામગીરી થવાની હોવાથી બે દિવસ માટે પર્યટકોનો પ્રવેશ બંધ રહેશે. પક્ષીઓની ગણતરી દરમિયાન કોઈપ્રકારની હરકત કે ખલેલ ન થાય તેને લઈને આ પ્રકારનો નિર્ણય કરાયો છે.નળસરોવર ખાતે પક્ષીઓની ગણતરીની કામગીરી સમયે ખુબજ ધીરજતા અને નિશ્ચિચતા આવશ્યક છે, જેથી આગામી ૨૫-૨૬ જાન્યુઆરીએ પક્ષીઓની ગણતરી સમયે પર્યટકોની હલચલ કે અન્ય ખામી ઊભી ન થાય તે માટે બે દિવસ નળસરોવર બંધ રહેશે.

## વલસાડના ઉમરગામમાં ચોંકાવનારી ઘટના

# સગીર પ્રેમીએ પ્રેમિકાના ચાર માસના બાળકની હત્યા કરી

સુરત, તા.૨૫

વલસાડના ઉમરગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, એક સગીર બોયફ્રેન્ડે પોતાની પ્રેમિકાના ૪ માસના બાળકની હત્યા કરી નાંખી છે. પ્રેમિકાની ગેરહાજરીમાં બાળકની હત્યા કરી પ્રેમીએ બાળક પડી જતાં મોત થયું હોવાનું જૂઠ્ઠાણું ચલાવ્યું હતું. જોકે, અંતિમવિધિ પછી પ્રેમી ભાગી જતાં પ્રેમિકાએ પોલીસમાં શંકા વ્યક્ત કરતાં બાળકની લાશ ખોદી પોસ્ટમોર્ટમ કરતાં ભંડો ફૂટ્યો હતો. આખરે પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર પ્રેમીને ઉત્તરપ્રદેશથી પકડી પાડ્યો હતો.ઉમરગામ પોલીસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઉત્તર પ્રદેશની મૂળ વતની મહિલા તેના ચાર માસના પુત્ર સાથે ઉમરગામની ગાંધીવાડીમાં સગીર બોયફ્રેન્ડ સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. ગત ૧૩ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મહિલા કપડાં ખરીદવા બજાર ગઈ હતી અને બાળકને ઘરે બોયફ્રેન્ડ પાસે મૂકી ગઈ હતી. આ દરમિયાન સગીર બોયફ્રેન્ડે બાળકને બાથરૂમમાં જમીન ઉપર પછાડીને તેની હત્યા કરી નાખી હતી. શરૂઆતમાં તેણે બાળક રમતા-રમતા પડી જવાથી મૃત્યુ પામ્યું હોવાનું જણાવ્યું હતું અને પ્રેમી મહિલાની સાથે પડોશીઓની મદદથી બાળકનો મૃતદેહ દફનાવી દીધો હતો. બીજા દિવસે સવારે બોયફ્રેન્ડ ઘરેથી ભાગી જતાં પ્રેમિકાને શંકા ઉદભવી હતી અને પોલીસને જાણ કરવામાં આવી હતી. એટલે પોલીસે મૃતદેહને કબરમાંથી બહાર કઢાવી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું, જેમાં માથામાં ગંભીર ઈજાના કારણે મોત થયું હોવાનું સત્ય સામે આવ્યું હતું.પોલીસે કાયદાના સંઘર્ષમાં આવી હત્યા નીપજાવનારા સગીર પ્રેમીને ઉત્તરપ્રદેશથી ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં તેણે કબૂલ્યું કે પોતે મહિલા અને તેના પુત્રથી કંટાળી ગયો હતો. બાળક તેનો ન હોવા છતાં તેને સાચવવો પડતો હતો અને તેના પરિવારજનો પણ આ સંબંધને સ્વીકારવા તૈયાર ન હતા. આ કારણે તેણે બાળકની હત્યા કરી નાંખી હતી. હાલમાં ઉમરગામ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માળિયાઃ ગેરકાયદે ગેસ રીફીલીંગ ઝડપાયું રૂપિયા ૫૬.૪૦ લાખનો મુદામાલ જપ્ત

## એક આરોપીને ઝડપી લીધો, વાહનચાલકોના નામ ખુલ્યા

(રવિ નિમાવત દ્વારા)

મોરબી તા.૨૫:

મોરબી માળિયા નેશનલ હાઈવે પર આવેલ વીરવિદરકા ગામના પાટિયા નજીક હોટેલના ગ્રાઉન્ડમાંથી ગેરકાયદે ગેસ કટિંગ કોભાંડ ઝડપી લઈને એલસીબી ટીમે સ્થળ પરથી એક આરોપીને ઝડપી લઈને ટેન્કર, બોલેરો સહિતના વાહનો મળીને કુલ રૂ ૫૬.૪૦ લાખનો મુદામાલ કબ્જે લીધો છે મોરબી એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન બાતમીને આધારે વીરવિદરકા ગામના પાટિયા પાસે પરંપરા હોટેલના ગ્રાઉન્ડમાં રેડ કરી હતી જ્યાં અમુક ઈસમો ટેન્કરમાંથી ગેસ કટિંગ કરતા મળી આવ્યા હતા ગેસનો જથ્થો સિલેંડરમાં ગેરકાયદે ભરી કાળાબજારમાં વેચવાની પ્રવૃતિનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો એલસીબી ટીમે સ્થળ પરથી ગેસ ટેન્કર ગેસના જથ્થા સહીત કીમત રૂ ૫૧.૦૨ લાખ, ગેસ ભરેલ સિલેંડર નંગ ૧૨ કીમત રૂ ૨૯,૨૮૦ બોલેરો ગાડી કીમત રૂ ૫ લાખ, ગેસના ખાલી સીલીન્ડર નંગ ૦૮, મોબાઈલ અને વજન કાંટા સહીત ૫૬,૪૦,૧૦૬ નો મુદામાલ જપ્ત કર્યો હતો

### યુવતીએ આપઘાત કર્યો

લાલપર ગામે રહેતી ૨૩ વર્ષીય યુવતીને માતાએ ઠપકો આપતા લાગી આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો બનાવ મામલે પોલીસે તપાસ ચલાવી છે મોરબી તાલુકાના લાલપર ગામે ક્રિકેટ ગ્રાઉન્ડ પાછળ રહેતી મુસ્કાન તૈયબભાઈ સુમરા (ઉ.વ.૨૩) નામની યુવતીએ પોતાના મકાને રૂમમાં છતના ભાગે લગાવેલ પંખાના હુક સાથે ચુંદડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

## ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં ચોંકાવનારી વિગતો

# ચિરાગ રાજપુત અને રાહુલ જૈન સમગ્ર કૌભાંડને અંજામ આપતા

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં કાર્તિક પટેલે ચોંકાવનારી વિગતો આપી છે. જેમાં ક્રાઈમબ્રાંચે કેસને લગતી અન્ય માહિતી મેળવવા માટે કાર્તિક પટેલ, ચિરાગ રાજપુત અને રાહુલ જૈનને સાથે રાખીને પુછપરછ કરી હતી. જેમાં ખુલાસો થયો હતો કે કાર્તિક પટેલને પીએમજેએવાય દ્વારા ખ્યાતિ હોસ્પિટલમાં કરોડોની આવક થતા તેણે અમદાવાદમાં વધુ ચાર હોસ્પિટલ બનાવવાની યોજના તૈયાર કરી હતી.

ઉલ્લેખનીય છે કે કાર્તિક પટેલે ખ્યાતિ મેડીકેર નામની કંપની પણ બનાવી હતી. આ ઉપરાંત, તે ચિરાગ રાજપુતને ધંધો વધારવા માટે સતત દબાણ કરતો હતો અને હોસ્પિટલમાં ખોટ બતાવવા માટે ડમી કર્મચારીઓ બતાવીને પગાર ચુકવવામાં આવતો હતો. આમ, ખ્યાતિ કાંડ કેસમાં કાર્તિક પટેલ સંડોવણીના વધુ પુરાવા પોલીસને હાથ લાગ્યા છે. ખ્યાતિ હોસ્પિટલ કાંડ કેસમાં મુખ્ય આરોપી કાર્તિક પટેલની ધરપકડ બાદ ક્રાઈમબ્રાંચને તપાસમાં અનેક ચોંકાવનારી વિગતો સામે આવી રહી.

કાર્તિક પટેલ સમગ્ર કૌભાંડની વાકેફ હોવાનું જાણવા મળ્યું હતું અને તેની સુચના મુજબ ચિરાગ રાજપુત અને રાહુલ જૈન સમગ્ર કૌભાંડને અંજામ આપતા હતા. ત્યારે ક્રાઈમબ્રાંચના સ્ટાફે રાહુલ જૈન અને ચિરાગ રાજપુત તેમજ કાર્તિક પટેલને સાથે રાખીને પુછપરછ કરી હતી. જેમા ત્રણેય આરોપીઓએ ખ્યાતિકાંડ મામલે નવા ખુલાસા જાહેર કર્યા હતા. જેમાં જાણવા મળ્યું હતું કે પીએમજેએવાય કૌભાંડ કરીને કરોડો રૂપિયાની આવક થતી હોવાથી કાર્તિક પટેલે અમદાવાદમાં ગોતા, સાબરમતી, નરોડા અને પૂર્વ વિસ્તારમાં નવી ચાર હોસ્પિટલ બનાવવાનું નક્કી કર્યું હતું. જે માટે કાર્તિક પટેલે ખ્યાતિ મેડીકેર નામની કંપની સ્થાપી હતી. જેમાં તે ડાયરેક્ટર તરીકે હતો. આ હોસ્પિટલ તૈયાર કરવાની તમામ જવાબદારી ચિરાગ રાજપુતને સોંપવામાં આવી હતી.

ખ્યાતિ હોસ્પિટલને નુકશાન કરતી બતાવવા માટે પણ કાર્તિક પટેલે તેની મંડળી સાથે મળીને અનેક ખોટા રસ્તા અપનાવ્યા હતા. જેમાં તેણે ચિરાગ રાજપુતના સંબધીઓને હોસ્પિટલમાં કર્મચારી તરીકે દર્શાવીને પગાર કર્યા બાદ નાણાં બારોબાર ઉઠાવી લેતા હતા. જે માટે બનાવટી અલોટમેન્ટ લેટર પણ તૈયાર કર્યા હતા. પીએમજેએવાય દ્વારા થતી સારવારમાં સારી આવક થતા કાર્તિક પટેલે ચિરાગ રાજપુત અને રાહુલ જૈન પર સતત દબાણ વધાર્યું હતુ. આમ, ક્રાઈમબ્રાંચને ખ્યાતિ કાંડમાં અનેક મહત્વની વિગતો મળી છે.

## સુડોકુ નં. ૧૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | · | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૪૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

# આપની આજ...

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે.

# ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ ધરાવતો તાંત્રિક નઈમ મેરઠમાં માર્યો ગયો

મેરઠ,તા. ૨૫:યુપીના મેરઠથી એક મોટા સમાચાર આવ્યા છે. અહીં, ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ ધરાવતો ગુનેગાર અને તાંત્રિક નઈમ પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો છે. ૯ જાન્યુઆરીએ લિસાડી ગેટ સ્થિત સોહેલ ગાર્ડનમાં મિસ્ત્રી મોઈન, તેની ત્રણ પુત્રીઓ અને પત્નીની હત્યામાં નઈમ મુખ્ય આરોપી હતો. આજે વહેલી સવારે, લગભગ ૩:૪૫ વાગ્યે, નઈમનો લિસાડી ગેટ સમર ગાર્ડન ખાતે પોલીસ સાથે મુકાબલો થયો. નઈમ સામે અન્ય ફોજદારી કેસ નોંધાયેલા હતા. તે મહારાષ્ટ્રમાં એક હત્યા કેસમાં પણ વોન્ટેડ હતો.



પોલીસને માહિતી મળી હતી કે નઈમ સમર ગાર્ડન વિસ્તારમાં જોવા મળ્યો છે. આ પછી પોલીસે આ વિસ્તારને ઘેરી લેવા માટે સૈનિકો મોકલ્યા. આ દરમિયાન નઈમે ભાગવાનો પ્રયાસ કર્યો અને પોલીસ પર ગોળીબાર કર્યો. આ પછી પોલીસે વળતો ગોળીબાર કર્યો, જેમાં નઈમ ઘાયલ થયો. તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો પણ તેનું મોત નીપજ્યું.

તાજેતરમાં મેરઠમાં એક જ પરિવારના ૫ લોકોની હત્યા કરવામાં આવી હતી. નઈમ પર મેરઠના સુહેલ ગાર્ડનમાં એક જ ઘરમાં ૫ લોકોની હત્યા કરવાનો આરોપ હતો. નઈમે તેના સાવકા ભાઈ, ભાભી અને ત્રણ પુત્રીઓની ક્રૂરતાથી હત્યા કરી હતી અને પછી ઘરને તાળું મારીને ભાગી ગયો હતો.જ્યારે પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી, ત્યારે જાણવા મળ્યું કે નઈમ આ ઘટનામાં સામેલ હતો. પણ નઈમ પણ ખૂબ જ ચાલાક હતો અને પોતાનો વેશ બદલતો રહેતો.

OWNER, EDITOR, PRINTER & PUBLISHER: VIKRAM HASMUKHRAI RAVAL, PLACE OF PRITING PRESS: RASHTRIYA PRINTER,14/B, BHAKTINAGAR IND. ESTATE, DIST- RAJKOT, GUJART, PLACE OF PUBLICATION: SHRI NUTAN SAURASHTRA, MAHENDRA IND. ESTATE, NEAR MAHARANI LAXMIBAI KANYA VIDHYALAYA, TAGORE ROAD, DIST-RAJKOT, GUJARAT

### દિલ્હી ચૂંટણી માટે અમિત શાહે ભાજપનો ઢંઢેરો બહાર પાડ્યો

# કેજરીવાલ મહાકુંભમાં જાઓ અને ડૂબકી લગાવો, તમારા બધા પાપ ધોવાઈ જશે: અમિત શાહ



નવીદિલ્હી,તા.૨૫

અમિત શાહે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપનો મેનિફેસ્ટો ૩.૦ બહાર પાડ્યો અને કહ્યું કે ભાજપ માટે, મેનિફેસ્ટો વિશ્વાસનો પ્રશ્ન છે. આ ખાલી વચનો નથી. આ સંકલ્પ પત્ર ૧ લાખ ૮ હજાર લોકો અને ૬૨ હજાર જૂથોના સૂચનો પર તૈયાર કરવામાં આવ્યો છે. આ પછી, શાહે દિલ્હીના ભૂતપૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ પર જોરદાર હુમલો કર્યો. તેમણે કહ્યું કે અહીં એવી સરકાર કેજરીવાલ ચલાવી રહ્યા છે, જે ખોટા વચનો આપે છે અને પછી નિર્દોષ ચહેરા સાથે ચૂંટણી માટે જનતા સમક્ષ આવે છે. અમિત શાહે વધુમાં કહ્યું કે, કેજરીવાલે કહ્યું હતું કે કોઈ પણ મંત્રી સરકારી બંગલો નહીં લે, પરંતુ તેમણે બંગલો લીધો અને શીશ મહેલ પણ બનાવડાવ્યો. તે કરોડોના ઘરમાં રહે છે, જેના માટે દિલ્હીના લોકો જવાબ માંગી રહ્યા છે. દારૂ કૌભાંડ થયું હતું અને શિક્ષણ મંત્રી દ્વારા દારૂ કૌભાંડ આચરવામાં આવ્યું હતું. કેજરીવાલે કહ્યું કે તેમણે સાત વર્ષમાં યમુનાને શુદ્ધ કરવાનું વચન આપ્યું હતું અને દિલ્હીના લોકો સમક્ષ નદીમાં ડૂબકી લગાવવાનું કહ્યું હતું. દિલ્હીના લોકો રાહ જોઈ રહ્યા છે, જો તમે યમુનામાં ડૂબકી ન લગાવી શકો તો તમારે કુંભમાં જઈને ડૂબકી લગાવવી જોઈએ. તેમણે એટલી બધી જાહેરાતો આપી કે તેમની પાસે દિલ્હીનો કચરો એકઠો કરવા માટે પણ પૈસા નહોતા. ચૂંટણીઓને પ્રભાવિત કરવા માટે ગંભીર જુઠ્ઠાણા ફેલાવવામાં આવી રહ્યા છે. જો ભાજપ સત્તામાં આવશે તો બધી યોજનાઓ બંધ કરી દેવામાં આવશે. શું તમે ક્યારેય આટલા મોટા જુઠ્ઠાણાની કલ્પના કરી શકો છો? જુઠ્ઠાણાની રાજનીતિ બંધ થવી જોઈએ. બધા વચનો આપશે પણ ફક્ત મોદી સરકાર જ તેમને પૂરા કરી શકશે. તેમણે રાજ્યને પ્રદૂષણ મુક્ત અને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવાનું કહ્યું અને તેમના નેતાઓ ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં ગયા. કચરો નાબૂદ થયો નથી, આજે આખી દિલ્હી કચરાથી પરેશાન છે.અમિત શાહે કહ્યું કે ભાજપ માટેનો અમારો ઢંઢેરો અમારા કાર્યોની યાદી છે. આ ખોટા વચનો નથી. ૨૦૧૪ થી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં કામની રાજનીતિ સ્થાપિત કરી છે. દિલ્હી પ્રદેશ ભાજપે મહિલાઓ, યુવાનો, જેજે ક્લસ્ટરો, અસંગઠિત કામદારો, મધ્યમ વર્ગ, વ્યાવસાયિકો, ઉદ્યોગપતિઓ અને ઝૂંપડપટ્ટીવાસીઓ સાથે બેઠકો અને પરામર્શ કર્યા. ૧.૦૮ લાખથી વધુ લોકોએ પોતાના સૂચનો આપ્યા. ૬૨ પ્રકારની ગ્રુપ મીટિંગો યોજાઈ હતી. આ રીતે આપણો મેનિફેસ્ટો અસ્તિત્વમાં આવ્યો.

# મહાકુંભમાં રેકોર્ડ બ્રેક ભીડ, અત્યાર સુધીમાં ૧૦ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ડૂબકી લગાવી



પ્રયાગરાજ,તા.૨૫

૧૩ જાન્યુઆરીથી પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં ભક્તોની રેકોર્ડબ્રેક ભીડ આવી રહી છે. અત્યાર સુધીમાં ૧૦ દિવસમાં ૧૦ કરોડથી વધુ ભક્તોએ પવિત્ર સંગમમાં ડૂબકી લગાવી છે. આ માહિતી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા ૮ પર પોસ્ટ કરવામાં આવી છે. યોગીએ લખ્યું, આ સદીનો પહેલો મહાકુંભ ૧૩ જાન્યુઆરીથી પ્રયાગરાજની પવિત્ર ભૂમિ પર શરૂ થયો છે. છેલ્લા ૧૦ દિવસમાં, ૧૦ કરોડથી વધુ ભક્તોએ પવિત્ર ત્રિવેણીમાં ડૂબકી લગાવીને પુણ્ય મેળવ્યું છે.

શુક્રવાર, ૨૪ જાન્યુઆરીના રોજ પ્રયાગરાજ મહાકુંભમાં ૫૮ લાખથી વધુ ભક્તોએ પવિત્ર સંગમમાં ડૂબકી લગાવી. આ માહિતી યોગી આદિત્યનાથ કાર્યાલય દ્વારા આપવામાં આવી હતી. પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવવા માટે ઠંડીનો સામનો કરીને, ત્રિવેણી સંગમ ખાતે શ્રદ્ધાળુઓની મોટી ભીડ ઉમટી પડી હતી. આ ઉપરાંત, વહીવટીતંત્ર ૨૯ જાન્યુઆરીએ આવતી મૌની અમાવસ્યાની તૈયારીઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે, જેમાં ભક્તોની ભારે ભીડ એકઠી થવાની ધારણા છે.

મહાકુંભમાં દેશભરમાંથી ભક્તો જ નહીં, પરંતુ વિદેશમાંથી પણ લોકો પવિત્ર સંગમમાં ડૂબકી લગાવવા માટે આવે છે. આ વખતે પણ મોટી સંખ્યામાં વિદેશીઓ પ્રયાગરાજ પહોંચ્યા છે. કુંભમાં એક જ જગ્યાએ વિવિધ ભાષાઓ, જીવનશૈલી અને પરંપરાઓને એકસાથે જોઈને દુનિયાભરમાંથી આવતા પ્રવાસીઓ આશ્ચર્યચકિત થઈ જાય છે. મહાકુંભ દર ૧૨ વર્ષે યોજવામાં આવે છે. પ્રયાગરાજમાં ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતનો કુંભ વધુ ખાસ છે કારણ કે મહાકુંભ ૧૪૪ વર્ષ પછી આયોજિત થઈ રહ્યો છે. આ વખતે સરકારે અંદાજ લગાવ્યો છે કે ૨૬ ફેબ્રુઆરી સુધીમાં લગભગ ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ પવિત્ર સંગમના પાણીમાં સ્નાન કરશે.

### હિન્દુ સેનાના રાષ્ટ્રીય પ્રમુખ

# વિષ્ણુ ગુપ્તા પર જીવલેણ હુમલો: બાઈક સવાર બદમાશોએ ગોળીબાર કર્યો



અજમેર,તા.૨૫

રાજસ્થાનના અજમેરથી એક મોટા સમાચાર આવી રહ્યા છે. હિન્દુ સેનાના રાષ્ટ્રીય પ્રમુખ વિષ્ણુ ગુપ્તાએ દાવો કર્યો છે કે આજે સવારે અજમેરથી દિલ્હી જતા સમયે ગેગલ કલ્વર્ટ પાસે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે દાવો કર્યોહતો કે મોટરસાઈકલ પર આવેલા બે માણસોએ તેમના પર ગોળીબાર કર્યો હતો.

અધિક પોલીસ અધિક્ષક (ગ્રામીણ) દીપક કુમારે જણાવ્યું હતું કે વિષ્ણુ ગુપ્તાએ તેમને જાણ કરી હતી કે જ્યારે તેઓ સવારે અજમેરથી દિલ્હી જવા નીકળ્યા હતા, ત્યારે મોટરસાઈકલ પર આવેલા બે યુવાનોએ તેમના પર ગોળીબાર કર્યો હતો. તેમની કાર પર એક સ્થળ પણ દેખાય છે, જેની તપાસ કરવામાં આવી રહી છે. અજમેરના પોલીસ અધિક્ષક વંદિતા રાણા પણ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. તેમણે સ્થળનું નિરીક્ષણ પણ કર્યું છે અને હ્લજી-ટીમને બોલાવવામાં આવી છે. આ કેસની તપાસ ચાલી રહી છે.

તમને જણાવી દઈએ કે વિષ્ણુ ગુપ્તાએ દાવો કર્યો હતો કે અજમેર દરગાહમાં એક મંદિર છે અને તેમણે કોર્ટમાં અરજી પણ દાખલ કરી છે. તે ઘણીવાર પોતાના નિવેદનોને કારણે સમાચારમાં રહે છે. હકીકતમાં, ડિસેમ્બર ૨૦૨૪ માં, તેમણે અજમેર દરગાહ અંગે એક મોટો દાવો કર્યો હતો. અજમેર પહોંચ્યા પછી વિષ્ણુ ગુપ્તાએ કહ્યું હતું કે અજમેરની દરગાહ ખરેખર ભગવાન સંકટ મોચન મહાદેવનું મંદિર છે.

વિષ્ણુ ગુપ્તાએ અજમેરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે તેઓ ૨૦મી તારીખે કોર્ટમાં હાજર થશે અને તેમની સાથે લાવેલા અન્ય દસ્તાવેજો રજૂ કરશે. તેમણે કહ્યું કે અજમેરની ભૂમિ વીરોની ભૂમિ છે. મોહમ્મદ સાબુદીન ઘોરી ૧૧૫૦ એડીમાં અહીં આવ્યા હતા અને ભારત આવ્યા પછી તેમણે અજમેર પસંદ કર્યું કારણ કે અજમેર અજયમેરુ તરીકે જાણીતું હતું, આ અજયમેરુ પૃથ્વીરાજ ચૌહાણના પિતા હતા. આ શહેરનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું હતું. લોકો અજમેરને લૂંટવા આવતા રહ્યા અને જ્યારે મોહમ્મદ સાબુદ્દીન ઘોરી પહેલી વાર અહીં આવ્યા, ત્યારે એક સૈનિક જે આજે ખ્વાજા સાહેબ તરીકે ઓળખાય છે, તેમની સેનામાં આવ્યો. આપણી પાસે આવા ઘણા પુરાવા છે. તેઓ મોહમ્મદ સાબુદીન ગૌરી સાથે અજમેર આવ્યા હતા અને અહીં આવ્યા પછી જ્યારે મોહમ્મદ સાબુદીન ગૌરી હારીને ભાગી ગયા ત્યારે ખ્વાજા સાહેબ અહીં રહ્યા અને તેમણે ઈસ્લામનો ઉપદેશ આપ્યો પરંતુ કેટલાક મુસ્લિમ પુસ્તકો કહે છે કે ખ્વાજા સાહેબે ૯૦ થી ૯૫ લાખ લોકોને મારી નાખ્યા. લોકોને ધર્માંતરિત કરવામાં આવ્યા. ઈસ્લામ.વિષ્ણુ ગુપ્તાએ કહ્યું હતું કે હું કહેવા માંગુ છું કે અજમેર દરગાહ, જેને લોકો દરગાહ ખ્વાજા સાહેબ તરીકે ઓળખે છે, તે વાસ્તવમાં ભગવાન સંકટ મોચન મહાદેવનું મંદિર છે અને એક શિવ મંદિર છે. અમે આ અંગેના તમામ પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કર્યા છે અને હવે આ સંદર્ભમાં તમામ પક્ષકારોને નોટિસ જારી કરવામાં આવી છે. તે પક્ષો તરફથી હજુ જવાબો આવવાના બાકી છે. બધા પક્ષો તરફથી જવાબો ૨૦મી તારીખે આવશે. હવે આપણે સંપૂર્ણપણે તૈયાર છીએ.

# આત્મહત્યા માટે ઉશ્કેરણી કરવાના કેસમાં પોલીસે કોંગ્રેસના ધારાસભ્યની ધરપકડ કરી



વાયનાડ,તા.૨૪

કોંગ્રેસના ધારાસભ્ય આઈ.સી. બાલકૃષ્ણન પછી વાયનાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના અધિકારી એન.એમ. વિજયનની શનિવારે આત્મહત્યા માટે ઉશ્કેરણી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. જોકે, બાદમાં તેમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, બે દિવસની પૂછપરછ બાદ બાલકૃષ્ણનની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ કોર્ટે તેમને આગોતરા જામીન આપ્યા બાદ તેમને છોડી મૂકવામાં આવ્યા હતા.

આ સાથે, આ કેસના તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને પૂછપરછ પણ પૂર્ણ થઈ ગઈ છે. અગાઉ, વાયનાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ એન.ડી. અપ્પાચન અને ભૂતપૂર્વ ડીસીસી ખજાનચી કે.કે. આ કેસની તપાસના સંદર્ભમાં ગોપીનાથની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેમને આગોતરા જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા.

કાલપેટ્ટા પ્રિન્સિપલ સેશન્સ કોર્ટે બાલકૃષ્ણનને ૨૩ જાન્યુઆરીથી ત્રણ દિવસ પૂછપરછ માટે હાજર રહેવાની શરતે આગોતરા જામીન આપ્યા હતા. વિજયન અને તેમના પુત્રના મૃત્યુના સંદર્ભમાં પોલીસે ૯ જાન્યુઆરીએ બાલકૃષ્ણન અને અન્ય ત્રણ લોકો સામે ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમો હેઠળ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ નોંધ્યો હતો.

# જ્યારે યુવાનોને મળું છું, ત્યારે મને ઉર્જા મળે છે: વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૨૫:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રજાસત્તાક દિવસ પહેલા એનસીસી કેડેટ્સ, એનએસએસ સ્વયંસેવકો, રાષ્ટ્રીય રંગશાળા શિબિરના કલાકારો, આદિવાસી મહેમાનો અને ટેબ્લો કલાકારો સાથે વાતચીત કરી. આ કાર્યક્રમ પ્રધાનમંત્રીના નિવાસસ્થાન, લોક કલ્યાણ માર્ગ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો, જ્યાં પ્રધાનમંત્રી મોદીએ બધા સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન આ કાર્યક્રમમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ હાજર રહ્યા હતા.

આ દરમિયાન, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પૂછવામાં આવ્યું કે તેમને પ્રેરણા અને શક્તિ ક્યાંથી મળે છે, ત્યારે તેમણે કહ્યું, 'આ ખૂબ જ મુશ્કેલ પ્રશ્ન છે.' જ્યારે હું તમારા જેવા યુવાનોને મળું છું, ત્યારે મને ઉર્જા મળે છે. જ્યારે હું તમને બધાને જોઉં છું, ત્યારે મને પ્રેરણા મળે છે. ક્યારેક જ્યારે હું દેશના ખેડૂતોને યાદ કરું છું, ત્યારે મને લાગે છે કે તેઓ કેટલા કલાક કામ કરે છે, જ્યારે હું દેશના સૈનિકોને યાદ કરું છું, ત્યારે મને લાગે છે કે તેઓ સરહદ પર કેટલા કલાક ઊભા રહે છે, દરેક વ્યક્તિ તે કરે છે અને ખૂબ જ સખત મહેનત કરે છે.

પ્રજાસત્તાક દિવસની પરેડ ૨૬ જાન્યુઆરીએ પીએમ મોદી રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરીને શરૂ થશે. આ પછી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ એક ખાસ બગીમાં ડ્યુટી પથ પર પહોંચશે અને સલામી લેશે અને પછી પરેડ શરૂ થશે. આ પરેડમાં સશસ્ત્ર દળો, અર્ધલશ્કરી દળો, સહાયક નાગરિક દળો, એનસીસી અને એનએસએસના સભ્યો ભાગ લેશે.

# બનાસકાંઠાના દુષ્કર્મ કેસના આરોપીને આજીવન કેદ: ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચર્યુ હતું

પાલનપુર,તા.૨૫

બનાસકાંઠાના અમીરગઢ તાલુકામાં ત્રણ વર્ષની બાળકી સાથે દુષ્કર્મનો ભયાનક બનાવ બન્યો હતો. વર્ષ ૨૦૨૨માં નોંધાયેલી ફરિયાદ બાદ પાલનપુર સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી મોતી ચૌહાણને પુરાવાના આધારે આજીવન કેદની સજા ફટકારી છે. સાથે જ ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે પુરાવા અને સરકારી વકીલની દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખીને આ ચુકાદો સંભળાવ્યો છે.

દુષ્કર્મના આરોપીને આજીવન કેદની સજા મળી છે અને આ સજાને લઈને મોટું એલાન થયું છે. દુષ્કર્મના આરોપીને આજીવન કેદની સજા પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૨માં નોંધાઇ હતી. અમીરગઢ તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ થયું હતું. પાલનપુર સ્પેશિયલ પોક્સો કોર્ટમાં આ કેસ ચાલ્યો હતો. પુરાવા અને સરકારી વકીલની દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી છે અને આ મોટો ચુકાદો આપ્યો છે. આરોપીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. આરોપી મોતી ચૌહાણને આજીવન કેદ સહિત ૫૦,૦૦૦ નો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

અમીરગઢ પંથકમાં જે ત્રણ વર્ષ પહેલા એક દુષ્કર્મની ઘટના બની હતી ત્રણ વર્ષની એક બાળકી પર દુષ્કર્મની ઘટના બની હતી અને જેને લઈને પાલનપુર તાલુકા પોલીસ મથકે ૨૦૨૨માં ફરિયાદ નોંધાઈ હતી. પાલનપુર તાલુકાનો જે શ્રમિક પરિવાર છે તે ખેતરમાં જે પ્રકારની મજૂરી કરી અને પોતાનું ગુજરાન ચલાવતો હતો. ઘટનાના દિવસે આરોપી બાળકી જ્યાં રમતી હતી ત્યાં પહોંચ્યો હતો. મોતીભાઈ ચૌહાણ નામના આરોપીએ બાળકી સાથે દુષ્કર્મ કર્યુ હતું અને ત્યારબાદ તે ફરાર થઈ ગયો હતો.જો કે આ તમામ જે બાબતોની મેડિકલ રીપોર્ટને લઈને જેના આધારે પાલનપુર તાલુકા મથકે પોક્સોની ફરિયાદ દાખલ થઈ હતી અને પોલીસે જે બાબત કાર્યવાહી કરી હતી અને પાલનપુરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં આ કેસ ચાલ્યો હતો. જો કે સરકારી વકીલોની દલીલને આધારે જે આરોપી મોતી ચૌહાણ છે તેને આજીવન કેદની સજા ફટકારી છે અને ૫૦,૦૦૦ નો દંડ પણ ફટકારાયો. આ ચુકાદો પુરાવા ગ્રાહ્ય રાખીને સજા ફટકારવામાં આવી છે. પાલનપુર સ્પેશિયલ પોક્સો કોર્ટમાં આ કેસ ચલાવાયો હતો અને હવે ત્રણ વર્ષની બાળકીના દુષ્કર્મીને આજીવન કેદની સજા થઈ છે.

# માણાવદર પાલિકા દ્વારા તાકીદે ગટરનું ઢાંકણું બંધ કરાયું

(ગીરીશ પટેલ દ્વારા)માણાવદર, તા.૨૫:માણાવદર પાલિકા વિસ્તારમાં બાવાવાડી પુલ પાસે ગટરનુ ઢાંકણુ ખુલ્લુ હોય અકસ્માત થવાનો ભય રહેતો જે વહીવટદાર કમ મામલતદાર શુકલને ધ્યાને આવતા તાકીદે સૂચના આપી આ ગટરનું ઢાંકણુ નખાવી અકસ્માતના થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. પ્રજાના પ્રશ્નો હલ કરતા આમ જનતાને રાહત થાય છે જો આ ઢાંકણુ ખુલ્લુ હોય તો અકસ્માત થવાનો ભય હતો.

# બીજા ટી-૨૦ મેચમાં ઈંગ્લેન્ડ સામે ભારતનો ૨ વિકેટે વિજય

## ભારતની જીતમાં તિલક વર્માના અણનમ ૭૨ અને વોશિંગ્ટન સુંદરના ૨૬ અને બિશ્નોઈનો ૯ રનનો ફાળો

રાજકોટ, તા.૨૫

ભારત અને પ્રવાસી ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ વચ્ચે આજે મદ્રાસ ખાતે શ્રેણીની બીજી ટી-૨૦ મેચ રમાતા ઈંગ્લેન્ડે મર્યાદિત ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવી ૧૬૫ રન નોંધાવેલ જેમાં બટલરના ૪૫ ત્થા બીડોન કાર્સના ૩૧ રન મુખ્ય હતા. વિજય માટે ૧૬૬ રનના લક્ષ્યને હાંસલ કરવા મેદાનમાં ઉતરેલ ભારતીય ટીમની ઝમકદાર ઝડપી પ્રારંભ થયા બાદ ૩ વિકેટો ગુમાવ્યા બાદ મધ્યમ હરોળના બેટધરો ક્રિઝ પર લાંબુ ટકી નહીં શકતા ભારતે ૧૯.૨ ઓવરના અંતે તિલક વર્માના અણનમ ઝમકદાર ૭૨ રને બિશ્નોઈ ૯ રને અણનમ હતા ત્યારે ભારતને ૮ વિકેટ ગુમાવી ૧૬૬ રન નોંધાવી છેલ્લી ઘડીએ વિજય પ્રાપ્ત કરેલ.

ઈંગ્લેન્ડની ટીમે દાવનો પ્રારંભ કરેલ પરંતુ તેમની શરૂઆત નબળી અને ધીમી રહી હતી. ઈંગ્લેન્ડના પ્રારંભિક બેટધર ફીલ સાલ્ટ ૪ અને બેન ડ્યુકેટ્ટ ૩ રન નોંધાવી આઉટ થયેલ હતા. ત્યાર બાદ ઈંગ્લેન્ડ તરફથી જોસ બટલરે ૩૦ દડામાં ઝડપી ૪૫ રન નોંધાવી ટીમનો રકાસ અટકાવેલ બટલરની વિદાય બાદ હેરી બ્રુક ૧૩, લીવીંગસ્ટન ૧૩ અને જેમી સ્મિથ ૨૨, ઓવરટર્ન ૫, જોફ્રા આર્ચર ૧૨ અને આદિલ રશીદે ૧૦ રન નોંધાવેલ હતા. બીડોન ૩૧ રને માર્કવુડ ૫ રન સાથે અણનમ રહેલ.

ઈંગ્લેન્ડના દાવમાં ભારત તરફથી અર્શદિપસિંહ, હાર્દિક પંડયા, વોશિંગ્ટન સુંદર અને અભિષેક વર્માએ એક-એક વિકેટ તેમજ અક્ષર પટેલ અને વરૂણ ચક્રવર્તિના ફાળે ૨-૨ વિકેટ આવેલ હતી.

વિજય માટેના લક્ષ્યાંક સુધી પહોચવાનો પ્રયાસ શરૂ કરતા ભારતીય ટીમનો પ્રારંભ ઝડપી થયેલ પરંતુ સમયાંતરે એક પછી એક વિકેટ ગુમાવતા રહેલ ટીમના ધુરંધર મનાતા બેટધરો વધુ એકવાર મોટો સ્કોર નોંધાવવામાં નિષ્ફળ જતા ભારતીય ટીમની મુશ્કેલીમાં સતત વધારો થતો રહેલ હતો.

ભારતની પ્રારંભિક જોડી ફરી મજબૂત પાયો નાખવામાં નિષ્ફળ રહેલ ભારત ૧૫ ના જુમલે પહેલી, ૧૯ ના જુમલે બીજી વિકેટ, ૫૮ ના જુમલે ત્રીજી, ૬૬ ના જુમલે ચોથી અને ૭૮ રને પાંચમી વિકેટ ગુમાવેલ. ભારતના મુખ્ય હરોળના સંજુ સેમસન ૫, અભિષેક વર્માએ ૧૨, સુર્યકુમાર યાદવ એકંદરે વધુ એકવાર નિષ્ફળ પુરવાર થયેલ તેણે ૧૨ રન નોંધાવેલ, ધ્રુવ જુરેલ ૪ રને અને હાર્દિક પંડયા ૭ રન નોંધાવેલ જે તમામ ખેલાડી સારો જુમલો નોંધાવવામાં સંપૂર્ણ નિષ્ફળ સાબિત થયેલ.

ભારત તરફથી આજે તિલક વર્માએ છેડો સાચવી રાખવાના પ્રયાસો કરેલ પરંતુ ધુરંધર મનાતા ક્રિકેટરો ઈંગ્લેન્ડની બોલીંગ તેમજ મજબૂત ક્ષેત્રરક્ષણ સામે ટકવામાં સદંતર નિષ્ફળ સાબિત થતા બીજા મેચમાં ભારતની મુશ્કેલી વધવા પામેલ હતી. અભિષેક વર્માને ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરનો સારો સાથે મળેલ. ૧૩ ઓવરના અંતે ભારતે ૫ વિકેટ ગુમાવી ૧૧૫ રન નોંધાવેલ છેલ્લી ૭ ઓવરમાં ૫૧ રનની જરૂરત ઉભી થયેલ. ત્યારે જ વોશિંગ્ટન સુંદર ૨૬ રન નોંધાવી આઉટ થયેલ હતો. ત્યારબાદ બેટીંગમાં આવેલ અક્ષર પટેલે માત્ર ૨ નોંધાવતા ભારતે ૧૨૬ રનના જુમલે ૭મી વિકેટ ગુમાવી હતી.

ભારત તરફથી એક માત્ર મધ્યમક્રમના બેટધર તિલક વર્મા અને રવિ બિશ્નોઈ આખરી ઓવર સુધી ઝઝુમતા રહેલ હતા આખરે ૧૯.૨ ઓવરમાં ભારતે ૮ વિકેટ ગુમાવી ૧૬૬ રન નોંધાવી બીજા મેચમાં પણ મહામહેનતના અંતે વિજય પ્રાપ્ત કરેલ છે. મેચના અંતે તિલક વર્મા ૫૫ દડામાં ૭૨ રન નોંધાવી તેમજ રવિ બિશ્નોઈ ૪ દડામાં ૯ રન સાથે અણનમ રહયા હતા.

# પાકિસ્તાન-વિન્ડિઝના બીજા ટેસ્ટમાં વિશ્વ ક્રિકેટનો બીજો વિક્રમ થયો

## ટેસ્ટ કારકિર્દી પ્રારંભ કરનાર કાશીફ અલી એક પણ દડો રમ્યા વગર રન આઉટ થયો

રાજકોટ, તા.૨૫:પાકિસ્તાનમાં પ્રવાસી વેસ્ટઈન્ડિઝ અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા બીજા ટેસ્ટમાં વિશ્વ ક્રિકેટમાં ૧૪૭ વર્ષમાં બીજીવાર ડાયમંડ ડકનો કિસ્સો નોંધાવા પામ્યો હતો. જેમાં કાશીફ અલી એકપણ દડો રમી શકયા વગરજ રન આઉટ થયેલ અગાઉ પાકિસ્તાનના બોલર ઉમર ગુલ પણ ડાયમંડ ડકનો શિકાર વર્ષ ૨૦૦૩ માં બન્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાની ખેલાડી કાશીફ અલીને પાકિસ્તાની ટીમમાં વેસ્ટઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટમાં ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ અપાયેલ અને પ્રથમ મેચમાં જ તે ડાયમંડ ડકનો શિકાર બનતા તે એક પણ દડો રમ્યા વગર આઉટ થયો હતો.

# ઝારખંડ ઉર્જા નિગમ કૌભાંડ: ૬૦ લાખ રોકડા મળી આવ્યા, અત્યાર સુધીમાં ૭ લોકોની ધરપકડ

રાંચી,તા.૨૫

ઝારખંડ સ્ટેટ ઈલેક્ટ્રિસિટી એમ્પ્લોયીઝ માસ્ટર ટ્રસ્ટના સિનિયર મેનેજર દ્વારા કરોડો રૂપિયાના કૌભાંડની ફરિયાદ પર સીઆઈડીમાં કેસ નોંધવામાં આવ્યો હતો. આ કૌભાંડ કેસમાં સતત કાર્યવાહી ચાલુ છે. આ અંતર્ગત એસઆઈટી ટીમને ફરી એકવાર સફળતા મળી છે અને એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે ૬૦ લાખ રૂપિયા રોકડા પણ મળી આવ્યા છે.

ખરેખર ૪ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ, ૫૬.૫. કરોડો રૂપિયાના ગેરકાયદેસર ઉપાડ અને છેતરપિંડી અંગે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં, ૧૯ ઓક્ટોબરના રોજ સીઆઈડી પોલીસ સ્ટેશનમાં કેસ નંબર- ૪૪/૨૪ હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં બીએનએસની વિવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી. જે બાદ ડીજીપીએ એસપી એટીએસ ઋષભ ઝાના નેતૃત્વમાં એક એસઆઈટીની રચના કરી અને તેને તપાસની જવાબદારી સોંપી.

આ કેસમાં અગાઉ ધરપકડ કરાયેલા બિરસા ચોક સ્થિત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના શાખા મેનેજર લોલાસ લાકરાએ આપેલી માહિતીના આધારે અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કેસમાં, ડોરાન્ડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નયા બસ્તી કદ્રુ નજીક કઠપુલ નજીક રામલખન યાદવના ઘરમાંથી ૬૦ લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી. આ ઉપરાંત, અગાઉ ધરપકડ કરાયેલા લોકેશ્વર શાહ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે, વિવિધ બેંકોમાં ૭૬,૩૮,૦૦૦ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા છે.

આ સાથે, શ્રવણ કુમાર શર્માને ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ બિહારના સિવાનના બસંતપુર પોલીસ સ્ટેશન વિસ્તારના બરકાગાંવથી ૐદ્ઘ ટીમ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. સીઆઈડી ટીમે તેમની પાસેથી ગુનામાં વપરાયેલ મોબાઈલ સિમ કબજે કર્યું છે, જેની તપાસ ચાલી રહી છે. તપાસ દરમિયાન અત્યાર સુધીમાં વિવિધ ખાતાઓમાં ૪૭.૯૬ કરોડ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા છે.

આ કૌભાંડ કેસની તપાસ દરમિયાન,એસઆઈટી દ્વારા અત્યાર સુધીમાં વિવિધ ખાતાઓમાં ૪૭,૯૬,૩૮,૦૦૦ રૂપિયા ફ્રીઝ કરવામાં આવ્યા છે. ઉપરાંત, અત્યાર સુધીમાં ૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત ૧.૮૩ કરોડ રૂપિયાની રોકડ અને ૧૬.૭૦ લાખ રૂપિયાના ઘરેણાં પણ જપ્ત કરવામાં આવ્યા છે.

### યુક્રેનને અમેરિકન મદદ બંધ કરવા એલાન

# રશિયા-યુક્રેન યુદ્ધ ખતમ કરવાની દિશામાં ટ્રમ્પનું પગલું

નવી દિલ્હી, તા.૨૫

અમેરિકામાં સત્તામાં આવ્યા બાદ પ્રમુખડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક મોટા નિર્ણયો લઈ રહ્યા છે. આ સંદર્ભમાં તેમણે યુક્રેનને આપવામાં આવતી સહાય બંધ કરવાની જાહેરાત કરી રશિયા-યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલતા યુદ્ધનો અંત લાવવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. ટ્રમ્પનો આ નિર્ણય યુક્રેન માટે મોટો ઝટકો મનાઈ રહ્યો છે, કારણ કે આ પહેલા બાઈડેન સરકાર રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધમાં યુક્રેનને ઘણી મદદ કરી રહી હતી, જેમાં અબજો ડોલરના શસ્ત્રો પણ સામેલ હતા.એટલું જ નહીં ટ્રમ્પ સરકારે અમેરિકા દ્વારા અન્ય દેશોને આપવામાં આવતી સહાય પણ બંધ કરવાનો નિર્ણય લીધો છે. જોકે, ઈઝરાયલ અને ઈજિપ્તનો તેમાં સમાવેશ નથી, એટલે કે આ દેશોને અમેરિકા તરફથી મદદ મળતી રહેશે. આ પગલું અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિને અનુરૂપ છે, જે વિદેશમાં સહાયને સખત રીતે પ્રતિબંધિત કરે છે.આ આદેશથી વિકાસથી લઈને લશ્કરી સહાય સુધીની ઘણી બાબતોને અસર થશે તેવી અપેક્ષા છે. જો બાયડેનના કાર્યકાળ દરમિયાન યુક્રેનને રશિયાનો સામનો કરવા માટે અબજો ડોલરના શસ્ત્રો મળ્યા હતા. અમેરિકન મદદને કારણે, યુક્રેન ઘણા દિવસોથી યુદ્ધમાં ટકી રહ્યું છે. અમેરિકાએ ૨૦૨૩ માં યુક્રેનને ૬૪ બિલિયન ડૉલરથી વધુની સહાય પૂરી પાડી હતી. ગયા વર્ષે કેટલી સહાય આપવામાં આવી હતી તેની માહિતી આ અહેવાલમાં આપવામાં આવી નથી.અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ કહ્યું કે ૮૫ દિવસની અંદર તમામ વિદેશી સહાયની આંતરિક સમીક્ષાનો આદેશ આપવામાં આવ્યો છે.

# દ્વેષ કરો અને દોઝખમાં ડુબો!

**તખુભાઈ સાંડસુર**

માનવના શરીરના રોગોની સંખ્યા તેના અવ્વલ એવા અવગુણો જેટલી જ હશે તેમ માની શકાય. સંભવ છે કે કેટલાક શરીરદોષ આજે ય વણઓળખાયેલા રહ્યાં હોય! તે જ રીતે જગતમાં જ્યાં પણ માણસ વિહરે છે તે અર્થ- અનર્થ, સત્ય -અસત્ય વચ્ચેનો ભેદ જાણતાં હોવા છતાં હંમેશા બીજા ક્રમને સ્પર્શ કરે છે.તે પસંદગી કદાચ તેમના માટે સુગર કોટેડ જરૂર હશે, પરંતુ અંદરનું રસાયણ એ કોઈ ઔષધી નહીં હોય, પરંતુ ઉપાધિ હશે.

શેરીમાંથી પસાર થતું શ્રેષ્ઠત્વ ઓટલા ઉપર પડેલી આળસ અને અકર્મણ્યતાને રાસ આવતી નથી.સૂરજને ઉદય થતો અટકાવવાની સમર્થતા કોઈનામાં નથી તો પણ તેની સામે પડદા મુકનારા કે કાળા કફનથી ઢાંકવાની કોશિશ કરનારા માણસો મળે છે.પણ એવું કોઈ પ્રાણી તમને પૃથ્વી ઉપર વિચલિત થતું નહીં દેખાય કારણ કે તે માણસ છે.અન્ય સજીવ એ કોઈ પણ પ્રકારની બૌદ્ધિક ચતુરાઈના આશરે નથી.ગામના ઓટલાઓ હંમેશા દ્વેષપૂર્ણ, ડંખીલા લંકાવાસીઓની પ્રતીક્ષામાં રહે છે કે જ્યાં વિભીષણનું મૂલ્ય અંકિત કરી શકાતું નથી.તેથી કદાચ તે બધા જ તેના કર્મોનું ફળ હનુમંતત્વ એ પ્રગટાવેલી અગનજવાળાથી આહુત થઈને ચીચીયારીઓ પાડી તડફડીને પ્રાણ છોડતાં હોય છે.

આજે હવે એક નવો ઓટલો ઉમેરાઈ ગયો છે અને એ છ સોશિયલ મીડિયા. સુગંધના પુમડાને અડ વા કોઈ નહીં



આવે પરંતુ કાદવનો લોંદો જેવો ઘા કરશો એટલે તેને શેર કરનારા, કમેન્ટ કરનારા ભરભેટ મળી રહેશે.આ બધું સ્વીકારીને ખંખેરી નાખનારાઓ મોજથી મરજીવા થઈને મોં ફાટ જીવે છે.કકળાટ, કંકાસ,કુંથલી ઓઢીને સુનારા ઉભા થવા કોશિશ પણ કરવાની હિંમત દાખવી શકતા નથી.વળી તેમાથી મશહૂર કે મોટાં થવાની મથામણ કરનારની નવી ફોજ ઉમેરાઈ છે.જફર ગોરખપુરી એટલે તો કહે છે.

'કિતની આસાની સે મશહૂર કિયા હૈ ખુદ કો

મૈંને અપને સે બડે શખ્સ કો ગાલી દેકર'

એવું કહેવાય છે કે રોગ બે પ્રકારના છે એક તનનો અને બીજો મનનો રોગ છે.કોઈપણ રોગનું પ્રવેશદ્વાર શરીર તો છે જ પરંતુ પરોક્ષ રીતે તે મનથી પહેલાં એન્ટ્રી કરે છે. કદાચ વિજ્ઞાન તેના સુધી હજુ પહોંચ્યું નહીં હોય અને જો પહોંચે તો એ સિદ્ધ પણ થઈ શકે કે કોઈપણના મનમાં ચાલતા નકારાત્મક અને હકારાત્મક વિચારો તેના શરીર પર અસરકર્તા બને છે કે કેમ!? મનના વિકારો એ તનના વિકારોમાં જ્યારે પરિવર્તિત થાય ત્યારે રોગ દેખા દેતો હોય છે. સાપ્રંત યુગ જે રીતે 'બુદ્ધિ બલમ'નો વાડો બન્યો છે ત્યારે આપણી પાસે મનને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા બહુ ઓછા ઉપાયો છે.તેમાં સૌથી મોટો ઉપાય મનનો ખાલીપો, શૂન્યતા. જે તમને બધી જ રીતે ઉપયોગી થશે.કોઈના દ્વેષ કે ટીકાથી તમે તેને નુકસાન નહીં કરી શકો.પરંતુ પાંચમાંથી ચાર આંગળીઓ તમારા તરફ આવશે અને તમારું શરીર વિકારરુપ થઈને પીડા આપશે.એક દાખલો આપું,મારે શાળાએ જવા રોજ એક જગ્યાએથી પસાર થવાનું થાય.વચ્ચે વૃદ્ધ ઓટલે બેઠાં હોય અને હું શિક્ષકની સરકારી નોકરી કરું છું તે જાણે તેથી હાથ ઉંચો કરી મારી મોટરસાયકલ ઉભી રખાવે અથવા હું ઉભો રહું.અને કોઈ આડાઅવળા પ્રશ્ન વગર પહેલુ જ પુંછે.'' કેટલો પગાર મળે છે ?''હું ટીખળી તેથી આંકડો મોટો આંકડો કહું.અને પછી તેનાં ચહેરાનો ભાવ બદલાઈ જાય.તે જાણે તેનાંથી ખૂબ દુઃખી વ્યથિત થઈ જાય.ફરી પાછા એ ભૂલી જાય કે મેં એમને થોડા દિવસ પહેલા જ પૂછ્યું હતું. ફરી પાછું મને પૂછે હું એ જ વાત દોહરાવું.પછી તો એ રોજીંદુ થયું. પણ તેનાથી તેની મધુપ્રમેહની બીમારી વધતી હતી તે મેં અનુભવ્યું.ધીમે ધીમે તેનો મધુપ્રમેહ એટલી હદે વધી ગયો કે તેમનો એક પગ પછી પસ અને પરુથી લથબથ રહેવા લાગ્યા.પછી તેમણે ઘરની બહાર આવવાનું પણ છોડી દીધું.હું તેમના ઘેર જઈ આવ્યો.આખરે ઘણી પીડાઓ ભોગવીને તે શરીરથી મુક્ત થયાં.એ અનુભવ કર્યો કે તેમનો એ દ્વેષ કે કુથલીનો સ્વભાવ તેમને મન ઉપર તો અસર કરતા હતાં.

## ભાવનગરઃ રૂ. ૧૭.૬૯ લાખના માદક પદાર્થનો નાશ કરાયો

### ૩૯ કિલો ગાંજો અને ૪૫૮ કિલો પોષડોડાને અંકલેશ્વર ખાતે નષ્ટ કરાયો

ભાવનગર તા.૨૫:: ભાવનગર જિલ્લાના જુદા જુદા પોલીસ સ્ટેશનના ગુનામા કબ્જે કરેલ એન.ડી.પી.એસનો મુદ્દામાલ જેમા કુલ ગાંજો ૩૯ કિલો ૨૮૨ ગ્રામ જેની કિ.રૂ ૩,૯૨,૮૨૦, પોષડોડા ૪૫૮ કિલો ૯૯૪ ગ્રામ જેની કિ.રૂ ૧૩,૭૬,૯૮૨ નો નાશ કરવા કોર્ટમાંથી મંજુરી મેળવવામાં આવી હતી.

જે અનુસંધાને ગત તા.૨૩/૦૧/૨૦૨૫ ના રોજ ભાવનગરના પોલીસ ઇન્સપેક્ટર ડી.યુ સુનેસરાના તથા એસ.ઓ.જી સ્ટાફ દ્વારા ભરૂચ અંકલેશ્વર બેલ ઇન્ફાસ્ટ્રકચર લિમિટેડ કંપની ખાતે એન.ડી.પી.એસ નો મુદ્દામાલ નાશ કરવામા આવેલ હતો.

આ કામગીરીમાં એસ.ઓ.જી.ના પોલીસ ઇન્સપેક્ટર ડી.યુ સુનેસરાના માર્ગદર્શન હેઠળ એસઆઈ વિજયસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ યોગીનભાઇ ધાંધલ્યા, પોલીસ કમિશ્નર મિનાજભાઈ ગોરી, મહિલા કોન્સ્ટેબલ ભારતીબેન ચાવડા તથા ડ્રાયવર કોન્સ્ટેબલ પ્રતાપસિંહ પરમાર જોડાયા હતા.


**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)



**શ્રી બી.એલ. એ. કોક. પ્રા. લી.**
અગ્રવાલ કંપની
આરંભડા, જી. દેવભૂમિ દ્વારકા- ગુજરાત રાજ્ય

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)

**શ્રી મંગુભાઈ ચાવડા**
મીઠાપુર

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)



**નગરપાલિકા-ઓખા**
પ્રમુખ શ્રી રાજુભાઈ કોટક
ઉપપ્રમુખ શ્રી હાડાભા માણેક
ચીફ ઓફિસર શ્રી કિરણ શુકલા સાહેબ
તથા
તમામ સભ્યો અને કર્મચારીગણ
નગરપાલિકા-ઓખા- જી. દેવભૂમી દ્વારકા

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)

**શ્રી સંજયભાઈ રાયઠઠા**
વકીલ અને નોટરી
દ્વારકા

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)

**ઉષાબેન સુરેશભાઈ ગોહિલ**
પૂર્વ પ્રમુખશ્રી
નગરપાલિકા-ઓખા

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)

**હાર્દિક જ્વેલર્સ**
સોનાના દાગીના ખરીદવા માટે
વિશ્વસનીય સ્થળ- સુરજકરાડી

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)

**નિર્મલભાઈ સામાણી**
ઉપમુખશ્રી
લોહાણા મહાજન-ઓખામંડળ

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)

**ચેતનભા માણેક**
પૂર્વ નગરપાલિકા
પ્રમુખ -ઓખા
જી.દેવભૂમી દ્વારકા

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)

**શ્રી રાજવીર નાચાભાઈ કેર**
મીઠાપુર

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)











શ્રી ભગવતી શીપીંગ સર્વીસીઝ
શ્રી ભગવતી મરીન સર્વીસ પ્રા.લી.
શ્રી વિશ્વરાજ બલ્ક કેરીયર
શ્રી વિશ્વરાજ શીપીંગ એન્ડ લોજીસ્ટીકસ
શ્રી શીવાય પેટ્રોલીયમ
શ્રી વિજયસિંહ માંડણભા માણેક
શ્રી વિશ્વરાજસિંહ વિજયસિંહ માણેક
શ્રી દીવ્યરાજસિંહ વિજયસિંહ માણેક
ઓખા- જી. દેવભૂમિ દ્વારકા

**પ્રજાસત્તાકદિન અમર રહો**

(લી.)





**વિજયસિંહ માંડણભા માણેક**
તથા શિવાય પેટ્રોલીયમ
ઓખા-મીઠાપુર હાઈવે જી. દેવભૂમિ દ્વારકા

# કચ્છના મુંદ્રામાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા તંત્રની કાર્યવાહી

ભુજ,તા.૨૪

કચ્છના મુંદ્રામાં ગેરકાયદેસરના બાંધકામ દૂર કરવાની કાર્યવાહી ચાલી રહી છે. દ્વારકાની સાથે જામનગરમાં પણ ઘણા સમયથી ગેરકાયદેસરના બાંધકામ તોડવાની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત ઉનામાં ગેરકાયદે બાંધકામો પર બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ગેરકાયદે દબાણો કરનારની સ્થિતિ ક્યારેય ન હતી તેટલી આજે ખરાબ છે. ગુજરાતમાં સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે કબજો કરનારા લોકો મુશ્કેલ સમયનો સામનો કરી રહ્યા છે. કારણ કે દાદાનું બુલડોઝર રાજ્યના ખૂણે ખૂણે ફરતું રહે છે અને ગેરકાયદેસર બાંધકામો તોડી પાડી રહ્યું છે.

હવે વહીવટીતંત્રની માહિતી બાદ, કચ્છના મુદ્રામાં નાના કપાયાની આસપાસના ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં આવ્યા છે. કચ્છના મડમાં ગેરકાયદેસર કાટમાળના વાડ તોડી પાડવામાં આવ્યા છે. ગુજરાતમાં ગેરકાયદેસર બાંધકામ કરીને કરોડો રૂપિયાની જમીન પર ગેરકાયદેસર કબજો કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

છેલ્લા કેટલાક દિવસોથી, દાદાનું બુલડોઝર સંપૂર્ણ એક્શન મોડમાં જોવા મળી રહ્યું છે અને જ્યાં પણ બાંધકામ હોય છે, તે ત્યાં પહોંચીને તેને તોડી પાડે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, કચ્છના મુન્દ્રામાં ગેરકાયદેસર બાંધકામના કેસમાં કાર્યવાહી કરવામાં આવી છે. નાના કપાયાની આસપાસના દબાણ દૂર કરવા માટે વહીવટીતંત્રે નોટિસ આપીને દબાણ દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. પોલીસની હાજરીમાં ગેરકાયદેસર કચરાના ઢગલા તોડી પાડવામાં આવ્યા છે.

# માંગરોળ આપ પાર્ટીના કાર્યકર્તાઓ AIMIMમાં જોડાયા




(જીતુ પરમાર દ્વારા)

માંગરોળ તા.૨૫:

આગામી નગરપાલિકા ચુંટણી ને અનુલક્ષી હાલ શહેરમાં પ્રચારના પડઘમ વાગી રહ્યા છે ત્યારે માંગરોળ શહેરમાં પાર્ટી પણ ચુંટણી મેદાનમાં ઉતરવા સક્રિય બની છે અને ૨૪ થી ૨૬ ઉમેદવારોને મેદાનમા ઉતારવાની પ્રકિયા શારૂ કરવામાં આવી છે પાર્ટીના કાર્યાલય ઉદઘાટન પ્રસંગે આમ આદમી પાર્ટી ને છોડીને જુનેદ ફકીરા સહિત ૧૦૦ જેટલા યુવા કાર્યકરો અને ૩૦ જેટલી મહિલા કાર્યકરો અઈખઈખમાં સામેલ થયેલા. આપ કાર્યકર્તાઓ ને જુનાગઢ જિલ્લા પ્રમુખ સુલેમાનભાઈ પટેલ તેમજ પાર્ટીના અન્ય હોદ્દેદારો એ ખેસ પહેરાવી આવકાર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પ્રમુખે આગામી નગરપાલિકા ચુંટણી માટે અગાઉ થી સળગતા પ્રજહિતના પ્રશ્નો ઉકેલ લાવવા અને ચુંટણીમાં ઝંપલાવી લોકહિતના કાર્યો કરવા માટે ખાતરી આપી હતી. આ પ્રસંગે પાર્ટીના હોદેદારો અને બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# ઈન્ડિયન એરફોર્સની સૂર્યકિરણ ટીમે સર્વદા સર્વોત્તમના સૂત્રને જામનગરના આકાશમાં સાર્થક કરી બતાવ્યું






(ભરત ભોગાયતા દ્વારા)

જામનગર તા.૨૫:

ઈન્ડિયન એરફોર્સની એરોબેટિક ટીમ દ્વારા જામનગરના એરફોર્સ સ્ટેશનથી અદ્ભુત એર શો યોજવામાં આવ્યો હતો. આ એર શોમાં ઇન્ડિયન એરફોર્સની સૂર્યકિરણ એરોબેટિક ટીમે વિવિધ કરતબ યોજી લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતાં. એરોબેટિક ટીમનો એર શો જોવા માટે સ્વામિનારાયણ મંદિરથી આગળના ગ્રાઉન્ડમાં હજારોની સંખ્યામાં જામનગરવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઇન્ડિયન એરફોર્સના ૯ હોક વિમાનો દ્વારા આકાશમાં અદ્ભૂત કરતબો કરવામાં આવ્યાં હતાં જે નિહાળીને સૌ કોઈ અચંબિત થઈ ગયા હતાં. આ ભવ્ય નજારો જામનગરવાસીઓ માટે યાદગાર બની ગયો હતો.

ઉલ્લેખનીય છે કે આ એર શોમાં સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા સ્ટ્રાઈકિંગ રેડ એન્ડ વ્હાઈટ હોક - ૧૩૨ જેટ ઉડાડવામાં આવ્યા હતા. જેમાં સાહસિકો દ્વારા લૂપ્સ, રોલ્સ, હેડ-ઓન ક્રોસ, બઝ અને ઇન્વર્ટેડ ફ્લાઇંગ જેવા શ્વાસ થંભાવી દેનારા એરોબેટિક દાવપેચનું પ્રદર્શન કરવાના આવ્યું હતું અને વિમાનો સાથે મળીને આકાશમાં ના માળખા જેવા હેલિક્સની રચના બનાવી હતી. આ ઉપરાંત હાર્ટ, સૂર્યના કિરણો જેવી આકૃતિ, તેજસ, અંગ્રેજી આલ્ફાબેટ વાય અને એ ની આકૃતિ બનાવતા સમગ્ર વાતાવરણ તાળીઓના ગડગડાટ અને લોકોના ચિઅરઅપથી ગુંજી ઉઠ્યું હતું.

આ અદ્ભુત એરોબેટિક શો જોવા માટે જામનગર જિલ્લા કલેક્ટરશ્રી બી.કે.પંડ્યા તેમના ધર્મપત્ની શ્રીમતી દર્શના પંડ્યા સાથે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જિલ્લાના અન્ય પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના અહેમદપુર માંડવી ખાતે ત્રિદિવસીય બીચ ફેસ્ટિવલનો પ્રારંભ

ગીરસોમનાથ,તા.૨૫

ગીર સોમનાથ જીલ્લાના ઉનાના અહેમદપુર માંડવી બીચ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ અને જીલ્લા વહીવટી તંત્રના સંયુક્ત પ્રયાસથી ત્રિ-દિવસીય બીચ ફેસ્ટિવલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રારંભ સમયે આકાશમાં બલૂન ઉડાડીને કલા અને સંસ્કૃતિના સુભગ સમન્વય બીચ ફેસ્ટિવલનો ઉલ્લાસભર્યો શુભારંભ થયો હતો. અહેમદપુર માંડવી બીચને પ્રવાસનના નવાં સ્થળ તરીકે વિકસાવવાના ભાગરૂપે તા. ૨૪, ૨૫ અને ૨૬ થી ત્રણ દિવસ બીચ ફેસ્ટિવલની શરુઆત થઈ ગઈ છે.

ફેસ્ટિવલ પહેલા જિલ્લા કલેક્ટર દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેથી પ્રવાસીઓ લાઈવ કોન્સર્ટ, લેઝર શોની મજા માણી શકે.સંઘ પ્રદેશ દીવના ઘોઘલાને અડીને આવેલો ગુજરાતના ગીરનો અહેમદપુર માંડવી બીચ દેશ અને દુનિયાના પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બનવા બન્યો છે. અહીં ગીર સોમનાથ કલેક્ટરે મુલાકાત કર્યા બાદ બીચને ડેવલપ કરવાનું બીડું ઝડપ્યું છે. જેથી રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૨૪, ૨૫ અને ૨૬ના રંગારંગ બીચ ફેસ્ટીવલ શરુ કરવામાં આવ્યો છે.

અહેમદપુર માંડવી બીચ હાલ પ્રવાસીઓમાં સૌથી ઓછી ઓળખ ધરાવે છે, પરંતુ અહીં પ્રવાસન ઉદ્યોગ અને દરિયાઇ પર્યટનને લઈને વિશાળ તકો ઉપલબ્ધ હોવાથી તંત્ર દ્વારા ત્રિદિવસીય ભવ્ય બીચ ફેસ્ટિવલ શરુ થઈ ગયો છે.

જેમાં ખારવા સમાજ અને તેની સંસ્કૃતિ ઉજાગર થાય તે માટે પ્રથમ વખત બોટમાં સાંસ્કૃતિક ટેબ્લોની પરેડ, લાઈવ કોન્સર્ટ, લેઝર શો સહિત વિવિધ એક્ટિવિટી તથા ફૂડઝોનની પ્રવાસીઓને મજા માણી હતી.ગીર સોમનાથ કલેક્ટરે જણાવ્યું હતું કે, અહેમદપુર માંડવી બીચ પ્રવાસીઓમાં નવી ઓળખ ઉભી કરે તે માટે અહીં ખાસ સૂર્યોદય પોઈન્ટ છે. આ બીચ પર બહુ મોટી સંખ્યામાં ડોલ્ફિન માછલી પણ જોવા મળે છે, જે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

આ ઉપરાંત દરિયાઇ આધારિત વૉટર સ્પોર્ટ્સ એક્ટિવિટીની અહીં સારી શક્યતા પણ જણાય છે. ત્રણ દિવસ યોજાનારા બીચ ફેસ્ટિવલને કારણે ગીરનો અહેમદપુર માંડવી બીચ નવા પ્રવાસન સ્થળ તરીકે ઉભરી આવ્યું છે, તેમજ પ્રવાસન ગતિવિધિને પણ વેગ મળ્યો છે.

# કાલાવડના મછલીવડ ગામ પાસે શિક્ષકનો સોનાનો ચેન સેરવી લેવાયો,પાંચ સામે ફરિયાદ

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૫:

જામનગર જિલ્લાના કાલાવડમાં રહેતા એક શિક્ષક, કે જેઓ ટેક્સીમાં બેસીને મુસાફરી કરતા હતા, દરમિયાન તેમના ગળામાંથી અજાણ્યા પાંચ શખ્સોએ બે તોલા સોનાનો ચેઇન સેરવી લીધો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે કાલાવડમાં વાવડી રોડ પર રહેતા અને સરકારી સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા ખુશાલભાઈ મધુભાઇ અકબરી નામના શિક્ષક, કે જેઓ જમીન માપણી ના કામ અર્થે મછલીવાડ રોડ પર વાહનની રાહ જોઈને ઊભા હતા, જે દરમિયાન એક નંબર પ્લેટ વગરની કાર આવી હતી, જેમાં પોતે ગીરદીમાં વચ્ચે બેઠા હતા.

જે મુસાફરી દરમિયાન ગિરદી નો લાભ લઈ, અન્ય પાંચ શખ્સોએ તેમના ગળામાંથી બે તોલા સોનાનો ચેન સેરવી લીધો હતો. જે બનાવ અંગે કાલાવડ ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સો ની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરઃ ગુલાબનગરમાં જુગાર અંગે એલસીબીનો દરોડો, ચારની અટકાયત

## જોડીયામાં વર્લીનું બેટિંગ લઈ રહેલા બે શખ્સોની એલસીબીની ટીમ દ્વારા અટકાયત,રાજકોટના બુકીનું નામ ખુલ્યું

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૫:

જામનગરના ગુલાબ નગર વિસ્તારમાં એલસીબી ની ટીમે ગઈકાલે જુગારનો દરોડો પાડી ચાર પત્તા પ્રેમીઓની અટક કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૭૩,૦૦૦ ની માલમતા કબજે કરી છે. જ્યારે જોડીયામાંથી બે વરલી મટકાના જુગારીઓને પકડી પાડ્યા છે, અને તેઓની પૂછપરછ માં રાજકોટના મુખ્ય બુકીનું નામ ખુલ્યું છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમેં ગુલાબ નગર તાડીયા હનુમાન મંદિર પાસેથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા હરેશ બચુભાઈ ખાણધર, મનસુખભાઈ રામજીભાઈ પરેશા, જગદીશ લાલચંદભાઈ ભોજવાણી, તેમજ યુનુસ મામદભાઈ સુમરાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૭૩ હજારની માલ મતા કબજે કરી છે.

એલસીબી ની ટુકડીએ જુગાર અંગે નો બીજો દરોડો જોડીયામાં પાડ્યો હતો. જ્યાંથી જાહેરમાં વરલી મટકાના આંકડા લખી રહેલા હનીફ દાઉદભાઈ વાઘેર તેમજ વસીમ હૈદરઅલી માણેક ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી ૪૮,૬૦૦ ની માલમતા કબજે કરી છે. તેમજ તેઓ સાથે વરલીના આંકડાની કપાત કરનાર રાજકોટના મોહીનભાઈ ને ફરારી જાહેર કરાયો છે.

# રાજકોટઃ જૈન ચાલમાંથી જુગાર ધામ ઝડપાયું, છ શખ્સની ધરપકડ

## ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી ૩૨,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો, મકાન માલિક ફરાર

રાજકોટ તા.૨૫:

ગોંડલ રોડ પર આવેલા ગુરુકુળ સામે જૈન ચાલ માં બીજા માળે ધમધમતા જુગાર ધામ પર ક્રાઈમ બ્રાન્ચ દરોડો પાડી જુગાર રમતા છ શખ્સની ધરપકડ કરી રૂપિયા ૩૨ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે નાસી છૂટેલા મકાન માલિકને ઝડપી લેવા દોડધામ આદરી છે. વધુ વિગત મુજબ શહેરમા દારૂ અને જુગારની બધીઓ ડામી દેવા પોલીસ કમિશનર બ્રિજેશ જાય આપેલી સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમઆર ગોંડલીયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે ગોંડલ રોડ પર સિમેન્ટ ટાવરની બાજુમાં આવેલ જૈન ચાલમાં રહેતા સંજય રજનીકાંતભાઈ શાહ નામના શખ્સ પોતાના મકાનમાં જુગાર રમાડતા હોવાની હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ જાડેજા ને મળેલી બાતમીના આધારે પીએસઆઇ એમ કે મોવલીયા અને એસ આઇ રણજીતસિંહ પઢારીયા સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન જુગાર રમતા રામનગરમાં રહેતા જગદીશ છગનભાઈ ઠક્કર, ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે ગોલ્ડન પાર્ક માં રહેતા પ્રકાશ દિલીપભાઈ વ્યાસ, આંબેડકર નગર સામે ગોવિંદ રત્ન રેસીડેન્સીમાં રહેતા સતીશ ડાહ્યાભાઈ જેઠવા, શ્યામલ સીટી ટેનામેન્ટમાં રહેતા પ્રકાશ મંજી રાદડિયા, કણકોટ ગામે રહેતા મહેશ કાળા ભાલવા અને વૃંદાવન સોસાયટીમાં રહેતા કિશોર છોટાલાલ સવાણીની ધરપકડ કરી રૂપિયા ૩૨૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.દરોડા ની ગંધ આવી જતા મકાન માલિક સંજય રજનીકાંત શાહ નાસી જતા તેને ઝડપી લેવા દોડધામ આદરી છે.

# જામજોધપુરના કડબાલની ૨૪ વર્ષીય યુવતી લાપતા બની

(નયના દવે દ્વારા)

જામનગર તા.૨૫:

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના કડબાલ ગામમાં રહેતી નિરાલીબેન ભદાભાઈ વરુ નામની ૨૪ વર્ષની યુવતિ કે જે પોતાના ઘેરથી એકાએક લાપતા બની ગઈ હતીઝ અને પરિવારજનો દ્વારા તેણીની સગા સંબંધીઓ સહિતના અનેક સ્થળે શોધખોળ કરી હતી, પરંતુ તેણીનો કોઈ પતો સાંપડ્યો ન હતો. આથી નિરાલી બેનના કુટુંબી દ્વારા શેઠ વડાળા પોલીસ મથકનો સંપર્ક સાધવામાં આવ્યો હતો, અને સામતભાઈ ભીમાભાઇએ ગમ નોંધ કરાવતાં પોલીસ દ્વારા તેણીની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# લુપ્ત થઈ રહેલી ચીજ વસ્તુઓનું ઉપલેટામાં જીવ સાર્થક ફાઉન્ડેશન દ્વારા પ્રદર્શન

## ૧૦૦ વર્ષથી લઈને આજ સુધી વપરાતી અને લુપ્ત થઈ રહેલી ૨૦૦ જેટલી વસ્તુઓ પ્રદર્શિત કરાઈ



(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા તા.૨૫:

ઉપલેટા શહેરમાં જીવ સાર્થક ફાઉન્ડેશન નામની સંસ્થા દ્વારા ઉપલેટા શહેરમાં આવેલી અને ગોંડલ સ્ટેટ વખતની ચાલતી શ્રી ભગવતસિંહજી હાઇસ્કૂલના કમ્પાઉન્ડની અંદર લોકોને, વિદ્યાર્થીઓને અને હાલના વૃધ્ધ લોકોના સમયની પરિસ્થિતિમાં ઉપયોગમાં લેવામાં આવતા સાધનો અને સંસાધનો અંગેનો પ્રદર્શન યોજવામાં આવ્યો હતો.

ભૂતકાળમાં વખતમાં ઉપયોગમાં લેવામાં આવતા સાધનો સંસાધનો યંત્રો તેમજ વિવિધ ચીજ વસ્તુઓનું જ્ઞાન અને માહિતીઓ મળે તે માટે લુપ્ત થયેલી અને લુપ્ત થઈ રહેલી અંદાજે ૧૦૦ વર્ષ જૂની તેમજ અત્યાર સુધી ઉપયોગમાં લેવામાં આવતી ઐતિહાસિક ચીજ વસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેમાં આ પ્રદર્શિત વસ્તુઓની અંદર અંદાજે ૨૦૦ કરતાં પણ વધારે ચીજ વસ્તુઓને પ્રદર્શિત કરવામાં આવી હતી જે જોવા માટે બાળકો વિદ્યાર્થીઓ તેમજ વૃદ્ધ લોકો વિશેષ રૂપે ઉમટી પડ્યા હતા. ઉપલેટામાં બે દિવસ માટે યોજવામાં આવેલ આ પ્રદર્શનને માણવા અને નિહાળવા તેમજ લુપ્ત થયેલી વસ્તુઓને વર્તમાન સમયની અંદર રહેલા વ્યક્તિઓ તેમજ બાળકો જાણે માણે અને નિહાળે તે માટે આ જીવ સાર્થક ફાઉન્ડેશન સંસ્થા દ્વારા વિશેષ રૂપે આયોજન કરવામાં આવ્યું.

જીવ સાર્થક ફાઉન્ડેશન સંસ્થા છેલ્લા ઘણા સમયથી અબોલા પશુ-પક્ષીઓ તેમજ પ્રાણીઓની વિનામૂલ્ય સેવાઓ અને તેમના માટે સુવિધાઓ પૂરી પાડે છે ત્યારે આ સંસ્થા દ્વારા સમયાંતરે જનજાગૃતિ સેવાકીય પ્રવૃત્તિ પ્રકૃતિ સાથે સંકળાયેલા વિવિધ કાર્યક્રમો તેમજ આયોજનમાં વિશેષ રૂપે સેવાઓને સુવિધાઓ પૂરી પાડતી હોય છે ત્યારે આ સંસ્થા દ્વારા ૧૦૦ વર્ષ કરતા પણ વધારે પુરાણી ચીજ વસ્તુઓનું પ્રદર્શન કરી લોકોને તેમાં ખાસ કરીને વૃદ્ધ લોકો ને તેમના સમયમાં જીવવામાં આવતી જીવનશૈલીની યાદો તાજા કરી દીધી છે. વર્તમાન સમયના બાળકોને પણ આ પુરાણી ચીજ વસ્તુઓ અને તેમના ઉપયોગ વિશેની વિશેષ માહિતીઓ મળતા બાળકોમાં પણ આ પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બન્યું છે ત્યારે આ સંસ્થા દ્વારા બે દિવસ માટે યોજાયેલા આ કાર્યક્રમની અંદર વધુને વધુ લોકો લાભ લે અને વર્તમાન સમયની અંદર રહેતા લોકો અને ભૂતકાળની અંદર રહેતા લોકો ભૂતકાળમાં કેવા પ્રકારના સાધનો અને સંસાધનોનો ઉપયોગ કરી પોતાની જીવન શૈલીઓ અને જીવન ગુજારતા તેની પર એક ઝલક અહીં મૂકવામાં આવેલ સાધનોને સંસાધનોને અને તેમના વિશે માહિતીઓ મેળવી ચોક્કસપણે મુલાકાત કરવી જોઈએ તેવી પણ વિનંતીઓ કરી છે અને સાથે જ આવા પ્રકારના સાધનોને સંસાધનોની મદદથી લોકોએ લુપ્ત થતી ચીજ વસ્તુઓને પુનઃ પોતાના જીવનની અંદર લાવવા માટેના પ્રયત્નો કરી આધુનિક અને ઝડપી દુનિયાની સામે કાયમી માટે ફાયદાકારક અને મદદરૂપ થનાર ચીજ વસ્તુઓ તરફ પણ વળવું જોઈએ તેવું પણ જણાવ્યું છે.

# સરઘસ કાઢવા બાબતે વિછીયા પોલીસ પર હુમલો કરી વાહનોમાં તોડફોડ કરવાના ગુનામાં શખ્સો જામીનમુક્ત

રાજકોટ તા.૨૫:

વિછીયા પંથકમા ચકચારી મર્ડર કેસના આરોપીના જાહેરમા સરઘસ કાઢવા બાબતે વિછીયા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરી પથ્થરમારો કરી પોલીસ અધિકારીને કરેલી ઈજામા અને વાહનોમાં તોડફોડ કરી અને પોલીસ ફરજમાં રુકાવટ કર્યા અંગેના ગુનામાં સંડોવાયેલા શખ્સોને રાજકોટ ડીસ્ટ્રીક્ટ કોર્ટ જામીન પર છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

વિંછીયા તાલુકામાં લેન્ડ ગ્રેબિંગની ફરિયાદનો ખાર રાખી માથાભારે તત્વોએ કોળી સમાજના ઘનશ્યામ રાજપરાની હત્યા કરી હતી. જે ગુનામાં પકડાયેલા આરોપીઓનું સરઘસ કાઢવાની માંગ કરવામાં આવી હતી. જેમાં વિછીયા બજારમાં જાહેરમાં સરઘસ કાઢવા બાબતે પોલીસ અને ટોળા વચ્ચે ઘર્ષણ થયેલું હતું. જેમાં ટોળાએ પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરી ફરજ પરના પોલીસ અધિકારી પર હુમલો કરી અને સરકારી વાહનો પર પથ્થરમારો તોડ ફોડ કરી ભય ફેલાવ્યા અંગેની પીઆઇ ટીબી જાનીએ મુકેશ મનસુખ રાજપરા સહિત ૮૪ શખ્સો સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો બાદ પોલીસ દ્વારા મુકેશ મનસુખ રાજપરા, જયદીપ રાજુ ડાભી, જયદીપ પાચા સાકરીયા, રમેશ છગન જાંબુકિયા, મુના મગન ઝાપડિયા, જયંતિ મેઘા ગોહિલ, નવનીત લાલજી સોલંકી ,ગોપાલ ચોથા વાલાણી ,અજય લાલજી રાજપરા અને વલ્લભ સોમા કુંકડીયા સહિત શખ્સોની ધરપકડ કરી હતી. વિછીયા કોર્ટ જામીન રદ કરતા આરોપીઓને ગોંડલ ખાતે જેલ હવાલે કરેલા હતા, બાદ ડીસ્ટ્રીકટ કોર્ટમા જામીન મુક્ત થવા અરજી કરી હતી. આરોપીના એડવોકેટ ધ્વારા કરવામાં આવેલી રજુઆતો તેમજ વડી અદાલતના રજુ રાખેલ ચુકાદાઓને ધ્યાનમા લઈ આરોપીઓ તરફેથી દલીલો માન્ય રાખી જોઈન્ટ ડિસ્ટ્રીકટ જજ પી.જે.તમાકુવાલાએ આરોપીઓને જામીન મુક્ત કરવા આદેશ ફરમાવેલ છે.

# રાજકોટઃ વ્યાજ અને છેતરપિંડીના ગુનામાં વ્યાજખોરોના આગોતરા જામીન મંજૂર

## ખેડૂતે ૨૧ લાખના ૩૦ લાખ ચૂકવ્યા છતાં વધુ ૭૦ લાખની ઉઘરાણી કરી અને છળ કપટથી જમીનનો દસ્તાવેજ કરાવી લીધો

રાજકોટ તા.૨૫:

શહેરના મવડી વિસ્તારના ખેડૂતે ધંધાકીય જરૂરિયાત માટે ૨૧ લાખ વ્યાજે લીધેલા જે પેટે ૩૦ લાખ ચૂકવી દીધા છતાં.વધુ ૭૦ લાખની ઉઘરાણી કરી અને છળ કપટથી ખેતીની જમીનનો દસ્તાવેજ કરાવી લેવાના ગુના માં પોલીસ ધરપકડની દહેશત ધર્મેશ ઠેસીયા એ કરેલી આગોતરા જામીન અરજી અદાલતે મંજુર કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના મહુડી વિસ્તારમાં રહેતા વિઠ્ઠલભાઈ ખોડાભાઈ ધર્મેશ મીઠાભાઇ ડેસિયા સામે વ્યાજે રકમ આપી જમીન લખાવી લેવાની ધર્મેન્દ્ર મીઠા ઠેસીયા સામે તાલુકા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવે પ્રમાણે ખેડૂત વિઠ્ઠલભાઈ ને ઓફ સેટ પ્રિન્ટિંગ નો ધંધો કરવાનો હોવાથી ધર્મેશ ઠેસિયા પાસેથી ૨૧ લાખ વ્યાજે લીધા હતા. તે પેટે ૩૦ લાખ મેળવી લીધા છતાં વધુ ૭૦ લાખ માંગી કાલાવડ તાલુકાના મેઘપર ગામ ની જમીન નો છળ કપટ થી દસ્તાવેજ કરાવી લીધા નું ફરિયાદમાં જણાવ્યું હતું. પોલીસ ધરપકડની દહેશતથી ધર્મેશ મીઠાભાઈ ઠેસીયા અદાલત માં આગોતરા જામીન અરજી કરી અને રજુઆત કરેલી કે, હાલની ફરીયાદ ૧૪ મહીના મોડી છે અને ફરીયાદીએ એક વાર પોતાની જમીન વેચી અને અવેજ સ્વીકારી લીધેલ અને સબ રજીસ્ટ્રાર રૂબરૂ દસ્તાવેજ કરી આપેલ છે. જમીન ના ભાવ વધી જતા ખોટી ફરીયાદ કરી દબાણ લાવી જમીન પરત લેવા માગતા હોય ખોટી ફરીયાદ આપેલ છે.ઉપરોકત હકિકત અને દલીલો તેમજ રજુ થયેલ દસ્તાવેજો ને ધ્યાનમાં લઈ સેશન્સ જજ બ્રહ્મભટ્ટ આરોપી ધર્મેશ મીઠાભાઈ ઠેસીયા ની ધરપકડ કરવાનો પ્રસંગ થાય તો શરતો ને આધીન આગોતરા જામીન પર મુકત કરવા હુકમ ફરમાવેલો છે. આરોપી ધર્મેશભાઈ ઠેસીયા વતી એડવોકેટ પીયુષ એમ.શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, નીવીદભાઈ પારેખ, નીતેશભાઈ કથીરીયા, વીજયભાઈ પટગીર, જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, હર્ષીલભાઈ શાહ, ચીરાગભાઈ શાહ, આસીસ્ટન્ટ તરીકે રવીરાજભાઈ વાળા, રૂત્વીકભાઈ વધાસીયા અને સંજયભાઈ મેરાણી રોકાયેલા હતા.

# લીંબડીઃ રાજકાના સરપંચના પુત્રનું શંકાસ્પદ મોત, હત્યાની શંકા

રાજકોટ તા.૨૫:

લીંબડી તાલુકા રાજકા ગામના સરપંચના યુવાન પુત્રનું શંકાસ્પદ હાલતમાં મૃત્યુ થયું છે. આ બનાવ હત્યાનો હોવાની શંકા પરિવારજનોએ વ્યક્ત કરતાં મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો છે. ૨૫ વર્ષનો યુવાન લીંબડીમાં આવેલા પોતાના કારખાનેથી બાઈક પર રાતે ઘરે જવા નીકળ્યો ત્યારે ગામના સ્મશાન નજીકથી માથામાં ઈજા સાથે મળ્યા બાદ સારવારમાં મોત થયું હતું. માથામાં એક જ ઘા છે. તે જોતાં આ વાહન અકસ્માતમાં ન થાય, તેના પર કોઇએ હુમલો કર્યો જાણવા મળ્યા મુજબ રાજકા ગામે રહેતો રવિભાઈ બાબુભાઇ મકવાણા (ઉ.વ.૨૫) રાતે સાડા આઠેક વાગ્યે લીંબડી ખાતે આવેલા પોતાના પટૌડાના કારખાનેથી બાઇક રાજકા ગામે પોતાના ઘરે જવા રવાના થયો હતો. તે રાજકા ગામના સ્મશાન પાસે લોહીલુહાણ હાલતમાં મળ્યો હતો. આ બનાવની જાણ ગામલોકો મારફત થતા પરિવારજનો દોડી ગયા હતાં. રવિભાઈને માથામાં ઘા દેખાયો હોઈ અને તે બેભાનમા હાલતમાં લીંબડી અને બાદમાં સુરેન્દ્રનગરની હોસ્પિટલમાં ખસેડયો હતો. પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. ૨૭મી જાન્યુઆરીએ જ તેના લગ્નની પહેલી વર્ષ ગાંઠ છે. પરિવારજનોએ કહ્યું હતું કે રવિભાઈને માથામાં જે ઘા છે. તે જોતાં વાહન અસ્કમાતની ઇજા જણાતી નથી. કોઈએ હથીયારથી પ્રહાર કર્યો હોય તેવો ઘા જણાયો છે. આથી અમને શંકા ઉદ્દભવતા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડયો છે. સગાએ વધુમાં વધુમાં જણાવ્યું હતું કે રવિભાઈના પિતા બાબુભાઈ મકવાણા રાજકા ગામના સરપંચ છે. સરપંચની ચૂંટણી વખતે સામેના પક્ષ સાથે માથાકુટ થઇ હતી. કદાચ આ ખાર રાખી હત્યા કરવામાં આવી હોવાની શંકા છે.

પોલીસે હાલ કેટલાકની પુછતાછ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ આગળ કાર્યવાહી થશે. આ બનાવથી પરિવારમાં અને ગામમાં અરેરાટી વ્યાપી ગઇ છે. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં દલિત સમાજના આગેવાનો ઉમટી પડયા હતાં. પોલીસ ત્રણ શકમંદો ની પૂછપરછ હાથ ધરી છે.

# ભાવનગરઃ કારમાંથી અઢી લાખના વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

રાજકોટ તા.૨૫: ભાવનગર વેરાવળ નજીક ઇકો કારમાંથી અઢી લાખના વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી લઇ ક્રાઈમ બ્રાન્ચે ૩૬૩ બોટલ દારૂ અને વાહન મળી ૪.૬૧ લાખના મુદ્દામાલ કબજે કરી નાસી છૂટેલા બે શખ્સોની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ ભાવનગર જિલ્લામાં દારૂબંધીનો કડક અવળ કરવા એસપી હર્ષદ પટેલે આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઇ એ આર વાળા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું. ત્યારે અધેલાઈ તરફથી જીજેજઇઇ૬૫૦૫ નંબરની ઇકો કારમાં ભાવનગરના રાજુ ઉર્ફે લાલો ધીરુ વેગડ નામનો શખ્સ વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યા હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે વેળાવદર નજીક વોચ ગોઠવી હતી. ત્યારે ઉપરોક્ત નંબરની પૂરપાટ ઝડપે આવતી કારને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૨.૫૦ લાખની કિંમતની ૩૬૩ બોટલ વિદેશી દારૂ સાથે રાજુ ઉર્ફે લાલો વેગડની ધરપકડ કરી હતી. પોલીસે દારૂ અને કાર મળી રૂપિયા ૪.૬૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# રાજકોટઃ ચાર સ્થળોએ વિદેશી દારૂના દરોડા

## રૂ.૩૮ હજારની કિંમતની ૭૮ બોટલ શરાબ સાથે ચાર શખ્સની ધરપકડ

રાજકોટ તા.૨૫:

શહેરના ખોડીયાર નગર, ખોડીયાર પરા, અક્ષરમાર્ગ મેઇન રોડ પર આવેલા ગૌતમ નગરમાં અને કૃષ્ણનગરમાં પોલીસે વિદેશી દારૂના દારોડા પાડી,

રૂ.૩૮ હજારની કિંમતની વીદેશી દારૂની ૭૮ બોટલ અને બાઈક સાથે ચાર શખ્સોને ઝડપી લીધા છે. બનાવની પ્રાપ્ત વિગત મુજબ પીસીબી ની ટીમ પેટ્રોલિંગમાંથી ત્યારે બાપની મળી હતી કે, ખોડીયાર નગર શેરી નંબર ૨૫ માં મોમાઈ ડેરી પાસે મકાનમાં, અજી વસાહત પાસે શેરી નંબર ૩૦ માં રહેતો જગદીશ ભુપતભાઈ ભોજક નામના શખ્સે વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે. પોલીસે મકાનમાં દરોડો પાડી રૂ. ૩૪ હજારની કિંમતની ૬૦ બોટલ સાથે જગદીશ ભોજકને પીસીબી ના હેડ કોસ્ટેબલ રાહુલ ગીરી ગોસ્વામી સહિતના સ્ટાફે ઝડપી લીધો છે. થોરાળા પોલીસ ખોડીયાર નગર શેરી નંબર ૨૭ માં રહેતો અમીરાજ કાઠીને બાઈકમાં શરાબની આઠ બોટલ સાથે હેડ કોન્સ્ટેબલ બી સી પરમારે ઝડપી લીધો છે. માલવયા નગર પોલીસની ટીમે અક્ષર માર્ગ મેન રોડ પર આવેલા ગૌતમ નગર શેરી નંબર ૨ માંથી શરાબના ચાર ચકલા સાથે ચંદ્રેશ ચેતનભાઇ ચૌહાણને અને અંકુર નગર મેઇન રોડ પરથી, કૃષ્ણનગર શેરી નંબર ૧૨ માં રહેતો મહેશ ગગજીભાઈ લગધીર નામના શખ્સને શરાબના છ સપના સાથે માલવિયા નગરના હેડ કોન્સ્ટેબલ એ બી વિકમાં સહિતના સ્ટાફે ઝડપી લીધો છે.

**કાર અડફેટે બાઈક ચાલકનું મોત**

રાજકોટ ગોંડલ હાઇવે પર અવાર નવાર અકસ્માતો સર્જાતા રહ્યા છે ત્યારે રીબડા નજીક હાઇવે પર, કાર ચાલકે બાઇકને અડફેટ લેતા મુકેશભાઈનું ઘટના સ્થળે મોત નીપજ્યું છે. બનાવવાની પ્રાત વિગત મુજબ, હડમતાળા કારખાનેથી મુકેશભાઈ ચંદુભાઈ ખાટ તેમનું જી જે ૦૩ ૭૨૦૩ નંબરનું બાઈક લઈને રાજકોટ જઈ રહ્યા હતા ત્યારે રીબડા ગામે આવેલા હનુમાનજીના મંદિર પાસે પહોંચ્યા ત્યારે જી જે ૧૧ એસ ૨૯૪૭ નંબરના કાર ચાલકે બાઈકને અડફેટે લીધું હતું. જેને લઈને બાઈક ચાલક મુકેશભાઈ ચંદુભાઈ ખાટને ગંભીર ઈજા પહોંચતા સ્થળે મોત નીપજ્યું હતું આ બનાવની જાણ તાલુકા પોલીસ મથકને થતા દોડી જાય કારચાલક સામે ગુનો નોંધી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ પોલીસ કમિશ્નર સહીત રાજયના ૧૭ કર્મચારીઓની રાષ્ટ્રપતિ ચંદ્રક માટે પસંદગી

## પો. કમિશ્નર બ્રજેશ ઝા અને સ્ટેટ કંટ્રોલના એસીપી દિગ્વિજયસિંહ જાડેજાને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરાશે







રાજકોટ તા.૨૫:

૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ પૂર્વે પોલીસ, સિવિલ સર્વિસ અને આર્મી સહિતના વિભાગોમાં વિશિષ્ટ સેવા તથા પ્રતિષ્ઠિત સેવા બદલ રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા સહીત રાજ્યના ૧૭ અધિકારી-કર્મચારીઓની રાષ્ટ્રપતિ ચંદ્રક માટે પસંદગી કરવામાં આવી છે. પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા અને સ્ટેટ કંટ્રોલના એસીપી દિગ્વિજયસિંહ જાડેજાને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવામાં આવશે જયારે કચ્છ બોર્ડર રેન્જના આઇજી ચિરાગ કોરડીયા, જૂનાગઢ રેન્જ આઇજી નિલેશ જાજડીયા સહીત નવ અધિકારી-કર્મચારીઓની શૌર્ય ચંદ્રક માટે પસંદગી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ પૂર્વે પોલીસ, સિવિલ સર્વિસ તેમજ આર્મી સહિતના વિભાગોમાં વિશિષ્ટ સેવા તથા પ્રતિષ્ઠિત સેવા બદલ રાષ્ટ્રપતિ ચંદ્રકની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ગુજરાતના ૧૭ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને વિશિષ્ટ, ઉત્કૃષ્ટ તેમજ પ્રતિષ્ઠિત સેવા માટે રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડની જાહેરાત થઈ છે. તેમજ સિવિલ અને હોમગાર્ડ સર્વિસના ૬ અધિકારીઓને પણ રાષ્ટ્રપતિ ચંદ્રકની એનાયત કરવામાં આવી છે.

પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રપતિ ચંદ્રકની કરાયેલી જાહેરાતમાં વિશિષ્ટ સેવા માટે રાજકોટના પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા તેમજ સ્ટેટ કંટ્રોલના એસીપી દિગ્વિજયસિંહ ચુડાસમાને રાષ્ટ્રપતિ ચંદ્રક આપવામાં આવશે.

પ્રતિષ્ઠિત સેવા માટે શૌર્ય ચંદ્રકની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગુજરાતના ૯ અધિકારીઓને રાષ્ટ્રપતિના હસ્તે પ્રતિષ્ઠિત સેવા મેડલની જાહેરાત કરવામાં આવી છે. તેમાં જૂનાગઢ આઈજી નિલેશ જાજડિયા, કચ્છ બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડિયા તેમજ ડિવાયએસપી એ આર પાંડોર, આસિસ્ટન્ટ કમાન્ડન્ટ દેવદાસ ભીખાભાઇ બારડ, કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ દિલિપસિંહ યાદવ, જામનગર એલસીબીના એએસઆઈ હિરેનભાઈ બાબુલાલ વરાણવા, પીએસઆઈ બાબુભાઇ જેઠાભાઇ પટેલ, હેડ કોન્સ્ટેબલ મુકેશકુમાર આનંદ પ્રકાશ નેગીટીવ અને હેમાંગકુમાર મહેશકુમાર મોદીના નામની જાહેરાત થઈ છે.

**હોમગાર્ડના છ અધિકારી-કર્મચારીની પસંદગી**

સિવિલ અને હોમગાર્ડ સર્વિસ માટે છનામની જાહેરાત કરવામાં આવી છે. તેમાં ગુજરાતના કમાન્ડીંગ ઓફિસર વિકાસભાઈ રામકૃષ્ણ પાટીલ, પ્લાટુન કમાન્ડર ગીતાબેન સવજીભાઈ ગોહિલ, હવલદાર તુલશીભાઈ આલાભાઈ ઝાલા, ડિવિઝન વોર્ડન જમાલભાઈ વસરામભાઈ મકવાણા, ડેપ્યુટી ચીફ વોર્ડન જયેશભાઈ દેવજીભાઈ વેગડા અને નંદુભાઈ બાબુભાઈ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામને ૧૫મી ઓગષ્ટ ૨૦૨૫ના રોજ રાષ્ટ્રપતિના હસ્તે પદક આપવામાં આવશે.

# પડધરીઃ શંકાસ્પદ હિલચાલ કરતા બે બાંગ્લાદેશીઓની ધરપકડ

## બે માસ પૂર્વે બોર્ડર ક્રોસ કરી કલકતાથી ટ્રેન મારફતે આવેલા શખ્સોને રંગપર ગામના પાટિયા પાસેથી ઝડપી લેતી રૂરલ એસઓજી ટીમ

રાજકોટ તા.૨૫:

ભારતના પ્રજાસતાક પર્વ ૨૬મી જાન્યુઆરીના એક દિવસ પૂર્વે રાજકોટ શહેરની ભાગોળેથી રૂરલ એસઓજી ટીમે શંકાસ્પદ હિલચાલ કરતા બે બાંગ્લાદેશીઓની ધરપકડ કરી છે. બે માસ પૂર્વે બાંગ્લાદેશથી કોલકતાની બોર્ડરમાં ઘુસી હાવડા એક્સપ્રેસ મારફત અમદાવાદ અને ત્યાંથી રાજકોટ આવનાર બંને શખ્સોને રંગપર ગામના પાટીયા નજીકથી ઝડપી લેવામાં આવ્યા છે. ત્યારે હવે આ બંને ઘુષણખોરોને ઘુષણખોરી કરવામાં મદદ કરનાર અને પડધરી ખાતે પોતાના નામે ભાડા કરાર કરાવી પનાહ આપનાર પરિચિત શખ્સની ઓળખ મેળવવા એસઓજી ટીમે દોડધામ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર પડધરી તાલુકાના રંગપર ગામના પાટીયા નજીક આવેલી મારુતિ સોસાયટી બ્લોક નંબર ૩માં તપાસ કરી બે શંકાસ્પદ શખ્સોંને ઝડપી પાડ્યા હતા. આ બંને શખ્સોંની ઊંડાણપૂર્વક પૂછપરછ કરતા તેમની પાસેથી ભારતીય નાગરિક તરીકેનો કોઈ આધાર કે પુરાવો મળી આવ્યો ન હતો. વધુમાં બંને બાંગ્લાદેશથી ગેરકાયદે ઘુષણખોરી કરીને આવ્યા હતા તેવું જણાવ્યું હતું.

જે બાદ એસઓજી ટીમે સોહીલ હુશેન યાકુબઅલી (બાંગ્લાદેશ) અને રિપોનહુસેન અમીરુલઈસ્લામ( બાંગ્લાદેશ) અને હાલ બંને રહે રંગપર ગામના પાટીયા પાસે મારુતિ સોસાયટી, ભુપતભાઈ ભરવાડ મણા મકાનમાં ભાડેથીવાળાને નજરકેદ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત અનુસાર આ બંને શખ્સોં બે માસ પૂર્વે બાંગ્લાદેશથી ગેરકાયદે કોલકતાની સરહદના ઘુષણખોરી કરી હતી અને ત્યારબાદ કલકતાથી હાવડા એકસપ્રેસ મારફત અમદાવાદ આવ્યા હતા અને ત્યાંથી રાજકોટ પહોંચ્યા હતા. ઘુષણખોરી કરવામાં એક પરિચિત શખ્સે તેમની મદદ કરી હતી તેમજ પડધરી ખાતે મકાન માટે પણ પરિચિત શખ્સે જ પોતાના નામે ભાડા કરાર કરાવી દીધાનું ખુલવા પામ્યું છે. ઉપરાંત આ બંને પડધરીના એક ખુબ મોટા અને પ્રસિદ્ધ પ્લાસ્ટિકના કારખાનામાં મજૂરી કરતા હોય આ બંનેને કોઈ પણ આધાર પુરાવા વિના મજૂરીએ કેમ રાખવામાં આવ્યા તે દિશામાં પણ પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

### પ્રજાસત્તાક પર્વ

# આજે ગાંધી મ્યુઝિયમમાં ૧૨ વર્ષ સુધીના બાળકોને વિનામૂલ્યે પ્રવેશ

રાજકોટ, તા.૨૫

રાજકોટ મનપા મેયર નયના પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિ.કમિશનર તુષર સુમેરા, શાસક પક્ષ લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષ રાડીયાએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું હતુ.

નાના બાળકો ગાંધીજીના જીવનમાં પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુથી મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના બજેટમાં નિર્ણય કરવામાં આવેલ. જેના અનુસંધાને આજે તા.૨૬ પ્રજાસત્તાક પર્વના દિવસે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

આ મ્યુઝીયમમાં પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો, જીવન ચરિત્રો ઓડિયો, વિઝ્યુઅલ અને એલ.ઈ.ડી. સ્ક્રીન મારફત દર્શાવવામાં આવ્યા છે. પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝીયમમાં મ્યુઝીયમ ઉપરાંત વિવિધ આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે જેમાં ટિકિટ વિન્ડો, કલોકરૂમ, મુલાકાત માટે ગાઈડની સુવિધા, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, ગાર્ડન, લાઈબ્રેરી, વી.આ.પી. લોંજ, કોન્ફરન્સ રૂમ, સોવિનીયર શોપ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધા છે. દરરોજ રાત્રે ૭ વાગ્યે પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો દર્શાવતો લાઈટ એન્ડ સાઉન્ડ શો પ્રદર્શિત કરાય છે.

રાજકોટ શહેરના ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો મહાત્મા ગાંધીજીના જીવન પરથી પ્રેરણા અને આદર્શ મેળવે તે માટે આવતીકાલે તા.૨૬ ના રોજ વધુને વધુ બાળકો આ નિઃશુલ્ક સેવાનો લાભ મેળવે તે માટે મેયર નયના પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિ.કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષ રાડીયા દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# રાજકોટ : ટ્રાફિક સપ્તાહ અવેરનેસની અનોખી ઉજવણી



રાજકોટ, તા.૨૫

ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય અંતર્ગત ચાલતા નેહરૂ યુવા કેન્દ્ર રાજકોટ દ્વારા ટ્રાફિક સપ્તાહ અવેરનેસ કેમ્પિયન ઝુંબેશ કાર્યક્રમ પાંચ દિવસ માટે યોજવામાં આવેલ જેના ભાગરૂપે આજના પ્રથમ દિવસે કાર્યક્રમ જ્ઞાનદીપ વિદ્યાલય ખાતે રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ કિશોરસિંહ ચાવડા જ્ઞાનદીપ વિદ્યાલયના પ્રિન્સિપાલના સાનિધ્યમાં યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન આરટીઓના અધિકારી કેતન ખાપડ, વિક્રમભાઈ પુજારા, ચેરમેન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ, જે.વી.શાહ આરટીઓ ઉપસ્થિત રહી સ્કૂલના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમ દરમિયાન, આર.ટી.ઓ. અધિકારી કેતનભાઈ ખાપડએ વિદ્યાર્થીઓને માર્ગ પર સલામતી અંગે અવગત કરતા કહ્યું હતુ કે, ટ્રાફિકના મહત્વના નિયમોનો અમલ કરવા અને આરોગ્યપ્રદ ટ્રાવેલિંગ માટેની પદ્ધતિઓ વિશે જાણકારી આપી. આ ઉપરાંત તેઓએ વિદ્યાર્થીઓને ટ્રાફિકના ચિહ્નો, સઘન માર્ગ ઉપર સાવચેતી રાખવાની અને સલામતી ગેજેટ્સ જેમ કે હેલ્મેટ અને સીટ બેલ્ટના ઉપયોગની અગત્યતા પર પ્રકાશ પાડયો હતો.

# ગુજરાતના સુરેશ સોની તથા લવજી પરમારના ફાળે પદ્મ એવોર્ડ

## પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ જુદાજુદા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર હસ્તિઓને નવાજાયા

રાજકોટ, તા.૨૫

પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ ભવન દ્વારા દેશમાં જુદાજુદા ક્ષેત્રોમાં ઉત્કૃષ્ઠ કામગીરી બજાવનાર સમાજ સેવક, તબીબી, લેખન, હાથ વણાટ, સંગીત સહિતના ક્ષેત્રોની ૩૦ નામાંકિત વ્યક્તિઓને પદ્મ પુરસ્કાર માટે પસંદ કરાયાની જાહેરાત કરાયેલ છે. જેમાં રકતપિત્તના નિવારણમાં જાગૃત અને સારવાર તથા પુનવર્સન જેવી સેવાની કામગીરીમાં સાડાત્રણ કરતા વધુ દશકાથી કાર્યરત સુરેશ સોની તેમજ હાથશાળથી વણાટની કામગીરીમાં ૩ પેઢીથી કામગીરી બજાવતા તાંગલીયા વણાટ કામમાં મહારથ હાંસલ કરનાર લવજી પરમાર બન્ને ગુજરાતના ઉપરાંત મધ્યપ્રદેશના સેંલિ હોલકરને વણાટ કામગીરીના વિકાસ માટે કરેલા પ્રયત્નોને ધ્યાને લઈ પદ્મ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે.

### પદ્મ પુરસ્કાર વિજેતાઓની યાદી
### રાષ્ટ્રપતિ ભવન દ્વારા પદ્મ પુરસ્કાર વિજેતાઓની જાહેર કરેલ નામાવલી

જોયનાચરણ બથારી દીવમા હસાઓ નૃત્ય, નરેશ ગુરંગ નેપાળી ગીત ગુરૂ, વિલાસ ડાંગરે હોમિયોપેથી, સાઈખાય એજે અલ સબાહ યોગ, નિર્મલા દેવી સુજનીના વૈશ્વિક દેવી, રાધા બહિન ભટ્ટ ગાંધી ઓફ ધ હિલ્સ, સુરેશ સોની સાબરકાંઠાનો સહયોજક, પાંડી રામ માનવી મુરીયા કે માન, બસ્તર કી શાન, જોનાસ મસેટી બ્રાઝીલના વેદાંત ગુરૂ, જગદીશ જોશીલા નિમાડીના નોવાલિસ્ટ, હરવિંદર સિંહ કૈથલનો એકલવ્ય, ભેરુ સિંહ ચૌહાણ નિર્ગુણ ભક્તિના ભેરુ, વેંકપ્પા અંબાજી સુગાતકર ધુમંતુ ગુરૂ,

પી દચ્યાનામૂર્તિ થવિલ થલાઈવા, નિરજા ભાટલા સર્વાઈકલ કેન્સર ક્રૂસેડર, મારૂતિ ભુજંગરાવ ચિતમ્પલ્લી મહારાષ્ટ્રના અરણ્ય ઋષિ, ભીમવ્યા દોદાબલપ્પા સિલ્કેયાતારા ગ્રેન્ડ મધર ઓફ ગોંબિયાતા, સેલિ હોલ્કર હોલ્કર વિવર ઓફ હોપ, બતૂલ બેગમ ભજનોના બેગમ, વેલૂ આસાન, ગોકુળ ચંદ્રદાસ મા દુર્ગોર ઢાકી દાસ, વિજયલક્ષ્મી દેશામાને હીલિંગ વિધ હોપ, ચૈતરામ દેવચંદ પવાર વન કે વનબંધુ, લિબિયા લોબો સરદેસાઈ અને પરમાર લવજીભાઈ નાગજીભાઈનો સમાવેશ કરાયેલ છે.

સાબરકાંઠા જીલ્લાના સુરેશ સોનીએ રક્તપિત્ત નિવારણ માટે ઉઠાવેલ પગલાઓમાં રક્તપિત્ત પિડીતોને સારવાર માટે અર્પેલ સાડા ત્રણ દાયકાની સફરના અંતે પદ્મ એવોર્ડ માટે પસંદગી જાહેર થયેલ છે. રાજ્યમાં રક્તપિત્ત નિવારણ માટે રાજકોટના રકતપિત્ત નિર્મુલન અધિકારી ડો.હાંસલીયાએ પણ તેના કાર્યકાળ દરમ્યાન શ્રેષ્ઠ સેવાઓ બજાવેલ હતી.

રાજ્યમાં હાથ વણાટની કામગીરીમાં પાટણના પટોળા બાદ સુરેન્દ્રનગરમાં બનતા હાથ વણાટની કામગીરી અત્યંત કઠીન અને મહેનત માંગતી હોવા છતા છેલ્લી ચાર-પાંચ પેઢીથી હાથ વણાટની કામગીરી બજાવતા ડાંગશીયા જાતિના લવજી નાગજીભાઈ પરમારને પદ્મ એવોર્ડ માટે પસંદ કરાયા છે. ડાંગશીયાઓ દ્વારા કરવામાં આવતુ વણાટ કામ બધા જ વણાટના કાપડ કરતા અલગ જ છે. તાંગલીયા પધ્ધતિથી અનોખી રીતે વણાટ કરી કાપડમાં જૂદીજૂદી ટપકાવાળી કે તેના જેવી અનોખી ડિઝાઈન બનાવાય છે. હાલના યાંત્રિક અને ઝડપી યુગમાં હાથ વણાટની કામગીરી લુપ્ત થઈ રહી છે.

ત્યારે ડાંગશીયા જાતિના કેટલાક પરિવારોએ આ અનોખી વણાટની પ્રવૃત્તિને જીવંત રાખવાના ભગીરથ પ્રયાસો કરેલ છે. હાથ વણાટમાં થતી તાંગલીયા વણાટની કામગીરી તેમજ પાટણના હાથ વણાટના પટોળા સર્જનની કામગીરી નિહાળવી પણ એક લ્હાવો લેવા જેવી છે.

# માણાવદર ચેક રિટર્ન કેસમાં આરોપીને ૨ વર્ષની સજા

(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર, તા.૨૫

માણાવદરના એક જીનીંગના વેપારી પાસે ધારી ગામના મુરલીધર કિરાના એન્ડ ટ્રેડિંગના માલિક લાલજી માધાભાઈ રાઠોડ દ્વારા ૩૭૦ ગુણી ખોળ ખરીદી પેટે રૂા.૩,૫૭,૭૫૦ ના લેવાના હતા જે પેટે આરોપીએ રૂા.૧ લાખ ચૂકવી દીધા હતા અને રૂા.૨,૫૭,૭૫૦ લેવા જેનો ચેક આપેલ જે ચેક બેંકમાં અપૂરતા ભંડોળના હોય ચેક રીટર્ન થયેલ.

બાદમાં ફરિયાદી પક્ષના વકીલ ગોપાલભાઈ ઝાલાવાડીયા મારફત નોટીસ આપી પેમેન્ટ ચૂકવી આપવા જણાવેલ છતા પણ પેમેન્ટના ચૂકવેલ બાદમાં માણાવદર માણાવદર નામદાર કોર્ટમાં કેસ દાખલ કર્યો જેમાં નામદાર કોર્ટ દ્વારા આરોપી ધારી ગામના મુરલીધર કીરાના એન્ડ ટ્રેડિંગના માલિક લાલજીભાઈ માધાભાઈ રાઠોડને ૨ વર્ષની સજા અને વળતર પેટે રૂા.૫,૧૫,૫૦૦ ચૂકવવા હુકમ કરેલ છે.

### રાજકોટ મનપા દ્વારા આજે

# બાળકોની સુષુપ્ત આવડતો અને સર્જનાત્મકતાને વિકસાવવા લિટરેચર ફિએસ્ટા કાર્યક્રમ



રાજકોટ, તા.૨૫

બાળકોના સર્વાંગી વિકાસની સાથે તેમનામાં રહેલી સુષુપ્ત આવડતો અને સર્જનાત્મકતાને વિકસાવવા માટે રાજકોટ મનપા તથા સરસ્વતી સ્કુલિંગ સિસ્ટમના સંયુક્ત ઉપક્રમે તા.૨૫ થી તા.૨૬ સુધી સવારે ૯ કલાકથી સાંજના ૭ કલાક સુધી ફૂટબોલ ગ્રાઉન્ડની બાજુમાં બાલભવનથી આગળ, રેસકોર્ષ ખાતે લિટરેચર ફિએસ્ટા કાર્યક્રમનો શુભારંભ આજ તા.૨૫ શનિવારે સવારે ૯ કલાકે મેયર નયના પેઢડીયાના અધ્યક્ષસ્થાને આજે તા.૨૬ ના દિવસે પણ લિટરેચર ફિએસ્ટા કાર્યક્રમ છે.

લિટરેચર ફિએસ્ટા કાર્યક્રમનો મુખ્ય ઉદેશ સાહિત્યની પ્રવૃતિઓને વેગ મળે, બાળકો સાહિત્યમાં રસ લેતા કરી શકાય, પ્રત્યક્ષ અનુભવ દ્વારા શીખે, સમુહજીવન અને સહકાર-ભાઈચારાના પાઠ શીખે, જાહેર જીવનમાં લોકો સાથે સંપર્ક સાધતા શીખે, તેનો આત્મવિશ્વાસ વધે, હું પણ કંઇક કરી શકુ છું એવી ક્ષમતા અને ભાવના કેળવવાનો છે. આ કાર્યક્રમનુ સંચાલન બાળકો દ્વારા કરવામાં આવનાર છે તેમજ કાર્યક્રમની મુલાકાત માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવનાર છે.

### પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે

# દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ જાગો હિન્દુસ્તાની યોજાયો



રાજકોટ, તા.૨૫

રાજકોટ મનપા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિના ગીતોનો એક ભવ્ય સ્ટેજ શો જાગો હિંદુસ્તાની કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં દિપ પ્રાગટ્ય જાણીતા વકતા અને લેખક જય વસાવડાના વરદ હસ્તે કરવામાં આવ્યુ. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયના પેઢડીયા ઉપસ્થિત રહેલ.

જાગો હિન્દુસ્તાની કાર્યક્રમમાં ૩૬ થી વધુ કલાકારો દ્વારા અદ્યતન સાઉન્ડ, શ્રેષ્ઠ કોરિયોગ્રાફી, એલ.ઈ.ડી.ની સ્પેશ્યલ ઈફેક્ટ દ્વારા દેશભક્તિના ગીતનો એક ભવ્ય સ્ટેજ શો કરવામાં આવ્યો. અગાઉ વાઘાબોર્ડર પર ભારતનો પ્રથમ દેશભક્તિ ગીતનો કાર્યક્રમ યોજાયેલ હતો. આ કાર્યક્રમથી કલાકારો દ્વારા ખાસ પ્રકારે દેશભક્તિ ગીતોથી રાષ્ટ્રભાવના જાગૃત કરવાનો એક ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો.

# રાજકોટ ટાસ્ક પુરા કરવાના બહાને ૫૦ લાખનું રોકાણ કરાવી ઠગાઈ કરનાર બે ઝડપાયા

## ગુગલમાંથી બોલું છું, સાઈડ ઈન્કમ કરવી છે કહી ઠગાઈ, સાયબર ક્રાઈમની ટીમે અગાઉ છશખ્સોને ઝડપી લીધા હતા

રાજકોટ તા.૨૫:

શહેરમાં ડિજિટલ ફ્રોડની ઘટનાઓમાં વધારો થવા પામ્યો છે ત્યારે ગુગલમાંથી બોલું છું, સાઈડ ઇન્કમ કરવી છે તેમ કહી ટાસ્ક પુરા કરવાના નામે યુવક પાસે રૂ.૫૦.૮૯ લાખનું રોકાણ કરાવી છેતરપીંડી આચરવાના ગુનામાં ફરાર મૂળ ધોરાજીનો અને હાલ ઘંટેશ્વરમાં રહેતા નવાઝ અને લાઈટ હાઉસમાં રહેતા હાર્દિક નામના શખ્સને સાયબર ક્રાઈમની ટીમે ઝડપી પાડ્યા હતાં. ફ્રોડના ગુનામાં સાયબરની ટીમે આગાઉ છ શખ્સોને પકડી પાડેલ હતાં.

ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર મોરબી રોડ પર રાજલક્ષ્મી એવેન્યુ, શેરી ન.૦૨ હાઉસ નં.૦૫, રેલ્વે ફાટકની બાજુમાં રહેતાં જયમીન ચમનભાઈ પરસાણા એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મોબાઈલ નંબર આપતાં જણાવ્યું હતું કે, તેમના અજાણ્યા વોટ્સએપ નંબરથી મેસેજ આવેલ અને તે સામેવાળા વ્યક્તી દ્વારા કહેવામાં આવેલ કે, હું ગુગલમાંથી વાત કરૂ છું અને તમે સાઈડ ઈન્કમ કરવા માગતા હોય તો તમને એક ટેલીગ્રામની લીન્ક મોકલુ છું, તેમના કેહવા પ્રમાણેનું રૂ.૧૦૦૦ નું રોકાણ કરવાથી તેમને રૂ.૧૫૨૦ મળેલ બાદ અન્ય ટાસ્ક માટે બીજી ટેલીગ્રામ લીંક મોકલેલ જેથી તેમની સાથે ટેલીગ્રામના માધ્યમથી વાતચીત કરતા હતાં. બીટકોઈનમાં રોકાણ કરવાનું કહેલ જે રોકાણ પેટે રૂ.૩૬૦૦ તેમના જણાવ્યા મુજબના યુપીઆઈ આઈડીમાં જમા કરાવેલ હતાં. જેમાં તેઓને રૂ.૫૮૫૦ પરત મળેલ બાદ સામેવાળા દ્વારા અલગ ટાસ્ક આપવામા આવેલ જેમાં રૂ.૫ હજાર ટ્રાન્સફર કરેલ જેમા પણ નજીવું રીટર્ન મળેલ જેથી સામેવાળા વ્યક્તી પર વિશ્વાસ આવી જતા તેમના કહેવા પ્રમાણેના બેંક ખાતા નંબર અને યુપીઆઈ આઈડીમાં કટકે-કટકે કરી કુલ રૂ.૫૦.૮૯ લાખ ટ્રાન્સફર કરેલ હતાં. ઓનલાઈન ફ્રોડ મામલે સી.આઇ.ડી ક્રાઇમ ગાંધીનગરમાં ઓનલાઇન અરજી કરેલ હતી. ફરિયાદ રાજકોટ સાયબર ક્રાઇમને ટ્રાન્સફર થતાં એસીપી સી.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમની નાણાકીય ફ્રોડ ડિટેકશન ટીમના હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ઝાલા, કોન્સ્ટેબલ જયપાલસિંહ સોલંકી, જય આદ્રોજાએ ગુનામાં ફરાર નવાઝ ઉર્ફે બાપુ ફારૂખ બુખારી અને હાર્દીક ઉર્ફે રવી રાજેશ પરમારને દબોચી લઈ કાર્યવાહી કરી હતી.

જયારે આ ગુનામાં અગાઉ જાવિદ કાદર બીડીવાલા અરમાન રૂસ્તમ શેખ, સંજય વીઠ્ઠલ ઝાપડીયા, ધવલ દીનેશ મુછડીયા, અરવીંદ લઘરા સોલંકી અને સાહીલ ફીરોઝ કોચલીયા ને પકડી પાડ્યા હતા.

# અવસાન નોંધ

**રાજકોટ:** ભાણજીભાઈ વેલજીભાઈ ઊંજીયા ઉ.વર્ષ ૮૮ તેઓ કિરીટભાઈ ઊંજીયા (સિવિલ એન્જીનીયર)ના પિતાશ્રીનું આજરોજ તા.૨૫/૦૧/૨૦૨૫ શનીવારના રોજ દુખદ અવસાન થયેલ છે સદ્દગતનું બેસણું તા.૨૭/૦૧/૨૦૨૫ના સોમવારે સવારે ૮ થી ૧૧ "આશ્રય" ઓમનગર પાર્ટ-બી, બ્લોક નં.૨૫, પટેલ બોર્ડીંગ પાછળ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, મવડી - રાજકોટ ખાતે રાખેલ છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર





૭૬મું
# પ્રજાસત્તાક પર્વ
રાજ્ય મહોત્સવ । ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ । તાપી-વ્યારા

અમે,
**માનનીય વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઇ મોદીના**
**'વિકસિત ભારત'**ના
સ્વપ્નને સાકાર કરી
દેશની લોકશાહીને વધુ ઉન્નત
બનાવવાનો સંકલ્પ કરીએ છીએ



માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રતજી**ના
વરદ્હસ્તે

**ધ્વજવંદન સમારોહ**

**તારીખ:** ૨૬ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર, **સવારે** ૯:૦૦ વાગે

**સ્થળ:** બાજીપુરા, તા. વાલોડ, જિ. તાપી–વ્યારા

પ્રેરક ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી

આવો, આપણે સૌ
**સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું**
ગૌરવ લઈએ,
બંધુતા અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ

**પ્રજાસત્તાક પર્વની સૌ ગુજરાતવાસીઓને શુભેચ્છાઓ...**